ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૧૫૫ । વિક્રમ સંવત ૨૦૮૨ : પોષ વદ ૧૩ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 155 • Dt.12-01-2026 Monday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

12 JANUARY- 2026 MONDAY




P.07

બોક્સ ઓફિસ કલેક્શનની રીતે દીપિકા સૌથી ટોચ પર



P.07

મહારાણી અહિલ્યાબાઈની બાયોપિક માટે હોડમાં અનુષ્કા શેટ્ટી મોખરે

ટ્રમ્પની ધમકી બાદ ઈરાનનો જવાબ : અમેરિકાના સૈન્ય ઠેકાણા અને જહાજ ઉડાવી નાંખીશું



07



07

ઈરાનમાં આગામી ૭૨ કલાક 'ભારે'! ઠેર ઠેર હિંસા વચ્ચે ટ્રમ્પે કહ્યું- અમે સ્વતંત્રતા અપાવવા તૈયાર

**૪૮ કલાક સુધી રાહતના સંકેત નહીં**

**ગુજરાતમાં શિયાળો બરાબરનો જામ્યો છે ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં લઘુત્તમ તાપમાનમાં થયેલા મોટા ઘટાડાને કારણે સમગ્ર રાજ્ય ગાત્રો થીજાવતી ઠંડીમાં ઠુંઠવાયું**

# ગુજરાતમાં હાડ થીજાવતી ઠંડી : રાજ્યભરમાં પારો ગગડ્યો

**ગાંધીનગરમાં ૧૦.૮, ડીસામાં ૧૦.૧, ભુજમાં ૧૧.૨, દાહોદમાં ૧૧.૭, કંડલામાં ૧૧.૯, પોરબંદર અને ડાંગમાં ૧૨.૮, ભાવનગરમાં ૧૩.૮, વડોદરામાં ૧૪.૦, દ્વારકામાં ૧૪.૨, સુરતમાં ૧૫.૦ અને જામનગરમાં ૧૫.૯ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૧ ।

ગુજરાતમાં શિયાળો બરાબરનો જામ્યો છે ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં લઘુત્તમ તાપમાનમાં થયેલા મોટા ઘટાડાને કારણે સમગ્ર રાજ્ય ગાત્રો થીજાવતી ઠંડીમાં ઠુંઠવાયું છે. ઉત્તર અને ઉત્તર-પૂર્વીય પવનો ફૂંકાવાને કારણે રાજ્યના ત્રણ સ્થળોએ તાપમાનનો પારો સિંગલ ડિજિટ એટલે કે એક આંકડામાં પહોંચી ગયો છે, જેમાં નલિયા ૪.૮ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ઠંડું શહેર રહ્યું છે. નોંધનીય છે કે નલિયામાં છેલ્લા ૨૪ કલાકમાં તાપમાનમાં ૪.૨ ડિગ્રીનો ધરખમ ઘટાડો નોંધાયો છે.અમદાવાદ શહેરમાં પણ ઠંડીએ જોર પકડ્યું છે અને તાપમાનનો પારો એક જ દિવસમાં ૨.૭ ડિગ્રી ગગડીને ૧૧.૭ ડિગ્રી પર પહોંચતા શહેરીજનો કડકડતી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. આ સિવાય રાજ્યના અન્ય મુખ્ય શહેરોમાં પણ ઠંડીનું મોજું ફરી વળ્યું છે, જેમાં અમરેલી ૮.૬ ડિગ્રી અને રાજકોટ ૯.૪ ડિગ્રી સાથે ઠંડીમાં ઠુંઠવાયા છે. અન્ય શહેરોની વાત કરીએ તો ગાંધીનગરમાં ૧૦.૮, ડીસામાં ૧૦.૧, ભુજમાં ૧૧.૨, દાહોદમાં ૧૧.૭, કંડલામાં ૧૧.૯, પોરબંદર અને ડાંગમાં ૧૨.૮, ભાવનગરમાં ૧૩.૮, વડોદરામાં ૧૪.૦, દ્વારકામાં ૧૪.૨, સુરતમાં ૧૫.૦ અને જામનગરમાં ૧૫.૯ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે.હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી ૪૮ કલાક બાદ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો વધારો થવાની શક્યતા છે, જેના પરિણામે બે દિવસ પછી લોકોને આ આકરી ઠંડીમાંથી થોડી રાહત મળી શકે તેમ છે.



ગુજરાતમાં શિયાળો બરાબરનો જામ્યો છે ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં લઘુત્તમ તાપમાનમાં થયેલા મોટા ઘટાડાને કારણે સમગ્ર રાજ્ય ગાત્રો થીજાવતી ઠંડીમાં ઠુંઠવાયું છે. ઉત્તર અને ઉત્તર-પૂર્વીય પવનો ફૂંકાવાને કારણે રાજ્યના ત્રણ સ્થળોએ તાપમાનનો પારો સિંગલ ડિજિટ એટલે કે એક આંકડામાં પહોંચી ગયો છે, જેમાં નલિયા ૪.૮ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ઠંડું શહેર રહ્યું છે. નોંધનીય છે કે નલિયામાં છેલ્લા ૨૪ કલાકમાં તાપમાનમાં ૪.૨ ડિગ્રીનો ધરખમ ઘટાડો નોંધાયો છે.અમદાવાદ શહેરમાં પણ ઠંડીએ જોર પકડ્યું છે અને તાપમાનનો પારો એક જ દિવસમાં ૨.૭ ડિગ્રી ગગડીને ૧૧.૭ ડિગ્રી પર પહોંચતા શહેરીજનો કડકડતી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે.

**અમદાવાદમાં બર્ડ અને એનિમલ ફીડીંગના કારણે ગંદકી વધી**

# અમદાવાદમાં રિવરફ્રન્ટ પર પક્ષીઓને ચણ તેમજ પ્રાણીઓને ખોરાક આપવા સામે પ્રતિબંધ મૂકાયો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૧ ।

અમદાવાદમાં બર્ડ અને એનિમલ ફીડીંગના કારણે ગંદકી વધી રહી છે. કોર્પોરેશનના કેટલ ન્યૂસન્સ કંટ્રોલ ડિપાર્ટમેન્ટ દ્વારા સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેકટ વિસ્તાર તેમજ પ્રોજેકટને જોડતા તમામ રસ્તાઓ, ખુલ્લી જગ્યા ઉપર બર્ડ કે એનિમલ ફીડીંગ કરાવવા ઉપર પ્રતિબંધ મુકી દેવાયો છે.ઉપરાંત સાબરમતી રિવરફ્રન્ટ વિસ્તારમાં જાહેર સ્થળોએ થતી ગંદકી અટકાવવા દસ સભ્યોની ટાસ્કફોર્સની રચના કરાઈ છે. આગામી સમયમાં શહેરમા આવેલા જાહેર સ્થળોએ તબકકાવાર બર્ડ અને એનિમલ ફીડીંગ ઉપર પ્રતિબંધ મુકવા કોર્પોરેશને આયોજન કર્યુ છે.મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટાસ્કફોર્સમાં સાબરમતી રિવરફ્રન્ટના અધિકારીઓની સાથે સાબરમતી રિવરફ્રન્ટના પોલીસ ઈન્સપેકટરનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ટાસ્કફોર્સ દ્વારા રિવરફ્રન્ટ વિસ્તારમાં બર્ડ અને એનિમલ ફિડીંગ અટકાવવા એનફોર્સમેન્ટની કામગીરી કરાશે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બનાવવામા આવેલા હેલ્થ બાયલોઝ-૨૦૧૨ અંતર્ગત બર્ડ કે એનિમલ ફીડીંગ જાહેર સ્થળોએ કરાવવા મુદ્દે પેનલ્ટીની કાર્યવાહી પણ કરાશે. ૧૦ મે-૨૦૧૩ના રોજ આ હેલ્થ બાયલોઝ અમલી બનાવાયા હતા.બાયલોઝ મુજબ, શહેરમાં કોઈ વ્યકિત કે સંસ્થા દ્વારા જો જાહેરમાં ગંદકી કરવામા આવે તો કોર્પોરેશનના સોલિડ વેસ્ટ વિભાગ દ્વારા પેનલ્ટી કે વહીવટી ચાર્જ વસૂલ કરવામા આવે છે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને વર્ષ-૨૦૧૩માં અમલમાં મુકેલા હેલ્થ બાયલોઝની ૫૦.૧(૭)ની જોગવાઈ મુજબ, શહેરમાં જાહેરમાં પક્ષી કે પશુઓને ફીડીંગ કરાવવા ઉપર પ્રતિબંધ મુકાયો હતો.


વીજળીના બિલને કરો (0)

Since 2013
Navkalp SOLAR
it's time to save

નેશનલ પોર્ટલ રૂફટોપ સબસીડી મળવા પાત્ર





25 YEARS WARRANTY

ગુજરાત ની અગ્રણી રેસીડેન્શીયલ INDUSTRIAL સોલાર રૂફટોપ કંપની

Help Line
+91 93 77 51 77 52



શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર એજ્યુકેશન કેમ્પસ સંચાલિત

કમલા અમૃત ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ, ગાંધીનગર

*Approved by Govt. Of Gujarat, Gujarat Nursing Council & Affiliated to Gujarat University*

KAMLA AMRUT INSTITUTE OF NURSING

પ્રવેશ પ્રક્રિયા પ્રારંભ ૨૦૨૩-૨૪





B.Sc. Nursing
૪ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ સાયન્સ પાસ
(PCB + ENGLISH)

P.B.B.Sc. Nursing
Post basic B.Sc. University
૨ વર્ષનો કોર્ષ
G.N.M. પાસ

GNM
General Nursing and Midwifery
૩ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ પાસ (કોઈપણ સ્ટ્રીમ) અને અંગ્રેજી

ઉપલબ્ધ સુવિધાઓ

- ૧૦૦ બેડની પોતાની પેરેન્ટ હોસ્પિટલ
- અનુભવી સ્ટાફ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ
- અત્યાધુનિક લેબોરેટરી અને લાયબ્રેરી
- સ્માર્ટ કલાસરૂમ
- ટ્રાન્સપોર્ટેશન માટે બસની સુવિધા
- હોસ્ટેલની સુવિધા
- એ.સી. મલટીપરપઝ ઓડિટોરીયમ
- SC/ST ની કેટેગરીના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપની સુવિધા

9638358158, 7567020200, 9313304367

ચોટીલામાં મેગા ડિમોલીશન I રૂ. ૧૦૫ કરોડની ૧૭ એકર સરકારી જમીન ખુલ્લી કરવાઇ

## ડુંગર તળેટીમાં ૪૦૦ થી વધુ ગેરકાયદે દબાણ પર જેસીબી ફર્યું

### નવગ્રહ મંદિરના કંપાઉન્ડમાં ૩ માળનું ગેસ્ટ હાઉસ પણ તોડી પાડવામાં આવ્યું : દબાણ હટાવી યાત્રાળુઓ માટે રસ્તો મોકળો કરાયો

I પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૧૧ I

સુરેન્દ્રનગર જિલ્લાનું પ્રસિદ્ધ યાત્રાધામ ચોટીલા, જ્યાં માં ચામુંડાના દર્શનાર્થે પ્રતિદિન હજારો શ્રદ્ધાળુઓ ઉમટી પ ડે છે. ત્યાં આજે વહીવટી તંત્ર દ્વારા ઐતિહાસિક ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. વર્ષોથી ડુંગરની તળેટી અને હાઈવે સુધીના મુખ્ય માર્ગ પર જમાવાયેલા ગેરકાયદે દબાણોને દૂર કરવા માટે મેગા ડિમોલિશનની કામગીરી હાથ ધરી ૪૦૦થી વધુ ગેરકાયદે દબાણ પર જેસીબી ફેરવી દઈ રૂ.૧૦૫ કરોડની ૧૭ એકર સરકારી જમીન ખુલ્લી કરવાઈ હતી. તેમજ નવગ્રહ મંદિરના કંપાઉન્ડમાં ત્રણ માળનું ગેસ્ટ હાઉસ પણ તોડી પાડવામાં આવ્યું હતું. તંત્ર દ્વારા દબાણ હટાવી યાત્રાળુઓ માટે રસ્તો મોકળો કરવામાં આવ્યો છે.

ચોટીલા ખાતે ડુંગર તળેટીમાં રસ્તાની બંને બાજુ આવેલ અંદાજે ૪૦૦થી ૪૫૦ જેટલા દુકાનદારો દ્વારા દુકાનની આગળ ૫ તરાના શેડ તથા સ્ટોલ ઊભા કરીને રસ્તા પર ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યા હતા. દુકાનદારોને સ્વૈચ્છિક રીતે દબાણ દૂર કરવા માટે સમજાવવામાં આવ્યા હતા. જોકે, દબાણ દૂર ન થતાં સવારે ૧૦ કલાકે નાયબ કલેક્ટર એચ.ટી. મકવાણા અને મામલતદારની ટીમે દબાણ હટાવવાની કાર્યવાહી શરૂ કરી હતી. આ ઝુંબેશમાં




મોજે નાના પાળીયાદ અને ચોટીલાની સરકારી જમીન પરના દબાણો દૂર કરાયા હતા. સરકારી જમીન પર કરેલ દબાણો દૂર કરવામાં આવતા કિંમત રૂ.૧૦૫ કરોડની અંદાજે ૧૭.૦૦ એકર સરકારી જમીન ખુલ્લી કરવામાં આવી હતી. આ ઉપરાંત ચોટીલાની સરકારી જમીન પર મફતિયાપ રા તરફ જવાના રસ્તાની જમણી બાજુએ આવેલા નવગ્રહ મંદિરના કંપાઉન્ડમાં આવેલું ત્રણ માળનું ખાનગી ગેસ્ટ હાઉસ પણ આ કાર્યવાહી હેઠળ દૂર કરવામાં આવી રહ્યું છે. જેને લઈ ચોટીલા મહંત પરિવાર દ્વારા આ મામલે વિરોધ કરતા પોલીસ દ્વારા મહંત સહિત પરિવારજનોને પોલીસ મથકે લઈ જવાતા શ્રદ્ધાળુઓમાં રોષ જોવા મળ્યો હતો. ખુલ્લી કરાયેલી જમીન પર ટૂંક સમયમાં તાર ફેન્સિંગ કરવામાં આવશે અને રસ્તાને વિકાસ પથ/સુવિધા પથ તરીકે વિકસાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે. સરકારી જમીનની જાળવણી માટે વિગતવાર કાર્યક્રમ પણ જાહેર કરવામાં આવશે.

## ગોત્રી ઇસ્કોન રોડ પર વૃદ્ધાનો અછોડો લૂંટનાર સ્કૂટર સવાર ત્રણ અછોડાતોડ પકડાયા

I પ્રતિનિધિ, વડોદરા, તા.૧૧ I

વડોદરા ગોત્રી વિસ્તારમાં ગઈકાલે બપોરે વૃદ્ધાનો અછોડો લૂંટનાર ત્રણ અછોડાતોડને પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યા છે. ગોત્રી ઈસ્કોન રોડ ઉપર ગઈકાલે બપોરે ૭૮ વર્ષીય મહિલા ચાલતી જતી હતી તે દરમિયાન સ્કૂટર ઉપર આવેલા ત્રણ જણા પૈકી એક જણાએ તેમના ગળામાંથી દોઢ તોલાનો અછોડો લૂંટી લીધો હતો. બનાવને પગલે બુમરાણ મચી હતી પરંતુ અછોડા તોડ ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા. બનાવ અંગે ગોત્રી પ ોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી અને બીજી બાજુ ક્રાઈમ બ્રાન્ચ ની ત્રણ ટીમો દ્વારા જુદા જુદા વિસ્તારના સીસીટીવી ફૂટેજ અને મોબાઈલ સર્વેલન્સ સહિતના સોર્સ મારફતે તપાસ શરૂ કરવામાં આવી હતી.

## અમદાવાદઃ મેમ્કો પાસેના અંબિકા એસ્ટેટની એક ફેક્ટરીમાં આગ, ફાયર બ્રિગેડનો કાફલો ઘટનાસ્થળે

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૧ I

અમદાવાદના નરોડા રોડ પર મેમ્મો પાસે આવેલા અંબિકા એસ્ટેટમાં આજે(૧૧ જાન્યુઆરી) અચાનક ભીષણ આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ૮ ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી.

પ્રાથમિક માહિતી મુજબ, ફેક્ટ-રીમાં કેટલાક લોકો ફસાયા હોવાની ભીતિ સેવાઈ રહી છે, જેને પગલે ફાયર વિભાગ દ્વારા રેસ્ક્યુ ઓપરેશન તેજ કરવામાં આવ્યું છે. હાલમાં ફાયર ફાઈટરો દ્વારા આગ પર કાબૂ મેળવવા અને ફસાયેલા લોકોને સુરક્ષિત બહાર કાઢવા માટે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.ફાયર વિભાગની ટીમ દ્વારા આગ પર કાબૂ મેળવવા પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો. પ્રાથમિક દ્રષ્ટિએ શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું જણાય છે. જોકે, આગ લાગવા પાછળનું ચોક્કસ કારણ હજુ સામે આવ્યું નથી.

## ધ્રાંગધ્રામાં રખડતા શ્વાનનો આતંક ૨૦૨૫ માં ૧૮૭૨ લોકો શિકાર બન્યા

I પ્રતિનિધિ, ધ્રાંગધ્રા, તા.૧૧ I

ધ્રાંગધ્રા તાલુકામાં રખડતા શ્વાનની સંખ્યામાં ચિંતાજનક વધારો થતાં નાગરિકોની સુરક્ષા જોખમાઈ છે. સરકારી હોસ્પિટલના સત્તાવાર આંકડા મુજબ, વર્ષ ૨૦૨૫ દરમિયાન કુલ ૧૮૭૨ વ્યક્તિઓ ડોગ બાઈટનો ભોગ બની છે. સરેરાશ દર મહિને ૨૦૦ થી ૨૫૦ નાગરિકો શ્વાન કરડવાથી સારવાર માટે આવી રહ્યા છે.ખાસ કરીને રહેણાંક સોસાયટીઓમાં બાળકો અને વૃદ્ધો માટે ઘરની બહાર નીકળવું મુશ્કેલ બન્યું છે. રસ્તા પર પસાર થતા ટુ-વ્હીલર ચાલકો પાછળ શ્વાન દોડતા હોવાથી અકસ્માતના બનાવોમાં પણ ધરખમ વધારો થયો છે. વારંવારની રજૂઆતો છતાં સ્થાનિક તંત્ર કોઈ નક્કર ઉકેલ લાવવામાં નિષ્ફળ રહ્યું છે. જવાબદાર વિભાગના અધિકારીઓ સુપ્રીમ કોર્ટના આદેશનો હવાલો આપી રખડતા શ્વાનને પકડી શકતા નથી તેમ જણાવી પોતાની જવાબદારીમાંથી છટકતા હોવાના આક્ષેપો ઉઠયા છે. તાજેતરમાં એકતા પાર્ક સોસાયટીમાં ૯ વર્ષની બાળકી પર થયેલા હુમલાએ તંત્રની પોલ ખોલી દીધી છે. હાઈકોર્ટના કડક વલણ છતાં સ્થાનિક સ્તરે રસીકરણ કે ખસીકરણ જેવી કોઈ કામગીરી ન થતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. નાગરિકો હવે તંત્ર પાસે રખડતા શ્વાનના ત્રાસમાંથી કાયમી મુક્તિની માંગ કરી રહ્યા છે.ધ્રાંગધ્રા તાલુકામાં રખડતા શ્વાનની સંખ્યામાં ચિંતાજનક વધારો થતાં નાગરિકોની સુરક્ષા જોખમાઈ છે. સરકારી હોસ્પિટલના સત્તાવાર આંકડા મુજબ, વર્ષ ૨૦૨૫ દરમિયાન કુલ ૧૮૭૨ વ્યક્તિઓ ડોગ બાઈટનો ભોગ બની છે. સરેરાશ દર મહિને ૨૦૦ થી ૨૫૦ નાગરિકો શ્વાન કરડવાથી સારવાર માટે આવી રહ્યા છે.

ભાજપ સરકાર અને આદિજાતિ મંત્રીઓ પર આકરા પ્રહારો કર્યા

## છોટાઉદેપુર : ભાજપના મંત્રીઓ જૂઠું બોલે છે, ટૂંક સમયમાં મોટો બોમ્બ ફોડીશ!", ચૈતર વસાવાએ કવાંટમાં ગજવ્યું મેદાન

I પ્રતિનિધિ, છોટા ઉદેપુર, તા.૧૧ I

છોટાઉદેપુર જિલ્લાના કવાંટ ખાતે આમ આદમી પાર્ટીની જંગી સભાને સંબોધતા ધારાસભ્ય ચૈતર વસાવાએ ભાજપ સરકાર અને આદિજાતિ મંત્રીઓ પર આકરા પ્રહારો કર્યા છે. જમીન સંપાદનથી લઈને નેતાઓની અઢળક સંપત્તિ મુદ્દે ચૈતર વસાવાએ ગંભીર આક્ષેપ ો કરતા રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, ભાજપ સરકાર આદિવાસીઓની જમીન છીનવી લેવા માટે તખ્તો તૈયાર કરી રહી છે.



જીએમડીસીના પ્રોજેક્ટ હેઠળ ૨૮ જેટલા ગામોની જમીન સંપ ાદિત કરવાનું નોટિફિકેશન બહાર પ ાડવામાં આવ્યું છે. નસવાડી તાલુકામાં એનડીપીસી સાથે ૧૮ ગામોની જમીન માટે એમએયુ કરવામાં આવ્યા છે. તેમણે આક્ષેપ કર્યો કે જ્યારે નોટિફિકેશન અને જાહેરનામા કાગળ પર સ્પષ્ટ છે, ત્યારે ભાજપના સાંસદ અને ધારાસભ્યો પ્રજાને ગેરમાર્ગે દોરી રહ્યા છે.માજી આદિજાતિ અને વન મંત્રી પર આક્રમક પ્રહાર કરતા વસાવાએ કહ્યું કે, "જે નેતાઓ પ હેલા બાઈક પર ફરતા હતા, તેઓ આજે ફોર વ્હીલરમાં ફરે છે. સાપ ુતારામાં હોટલો, મુંબઈમાં રિસોર્ટ અને કોસંબામાં જ્વેલર્સના ધંધામાં નાણાં રોક્યા છે." તેમણે વધુમાં ઉમેર્યું કે, "આ તો માત્ર ટ્રેલર છે, હજુ મોટો બોમ્બ ફોડવાનો બાકી છે."મહેશ વસાવા દ્વારા કરવામાં આવેલા ડેટા ચોરીના આક્ષેપ પર પલટવાર કરતા ચૈતર વસાવાએ કહ્યું કે, મહેશ વસાવા ચૂંટણી લડ્યા ત્યારે તેમને નોટા કરતાં પણ ઓછા વોટ મળ્યા હતા. જો મેં ચોરી કરી હોય તો પોલીસ ફરિયાદ કેમ નથી કરતા? સુખરામ રાઠવા પર નિશાન સાધતા તેમણે કહ્યું કે, ભાજપ અને કોંગ્રેસ અંદરોઅંદર વેવાઈ છે. આ "બી ટીમ" ના નારા લગાવનારાઓ વાસ્તવમાં પાંચ-પ ાંચ વર્ષના વહેંચાયેલા શાસનમાં એકબીજાની મદદ કરી રહ્યા છે. છોટાઉદેપુર જિલ્લાના કવાંટ ખાતે આમ આદમી પાર્ટીની જંગી સભાને સંબોધતા ધારાસભ્ય ચૈતર વસાવાએ ભાજપ સરકાર અને આદિજાતિ મંત્રીઓ પર આકરા પ્રહારો કર્યા છે. જમીન સંપાદનથી લઈને નેતાઓની અઢળક સંપત્તિ મુદ્દે ચૈતર વસાવાએ ગંભીર આક્ષેપો કરતા રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

## પાટણના હારીજમાં અકસ્માતઃ એક્ટિવા ચાલકને બચાવવા જતાં બસ પલટી, ૨ લોકોના મોત

I પ્રતિનિધિ, પાટણ, તા.૧૧ I

પાટણ જિલ્લાના હારીજ-ચાણસ્મા હાઈવે પર પર લકઝરી બસ પલટી મારી જતાં ૨ લોકોના મોત થયા છે જ્યારે ૧૮ લોકોને ઈજા પહોંચતા સારવાર માટે પહેલા હારીજની સરકારી રેફરલ હોસ્પિટલ બાદ વધુ સારવાર માટે પાટણની જનતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. એક્ટિવા સવાર આડો ઉતરતા આ અકસ્માત સર્જાયો હતો, બસ ચાલકે તેને બચાવવાનો પ્રત્યન કર્યો હતો. જેથી રોડની સાઈડમાં લકઝરી બસ ઉતરી ગઈ હતી. પ્રાથમિક માહિતી મુજબ, હારીજ-ચાણસ્મા હાઈવે પર ્ કોલેજ નજીક એક એક્ટીવા ચાલકને બચાવવા જતાં લકઝરી બસના ડ્રાઈવરે સ્ટેરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. જે બાદ લકઝરી પલટી મારી ગઈ હતી. જેમાં ૨ લોકો મોતને ભેટયા હતા તો અન્ય ૧૮ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. પાંચ ગામ લેઉવા પાટીદારના વડીલ વંદના કાર્યક્રમમાંથી વડીલો લકઝરી બસમાં પરત ફરી રહ્યા હતા ત્યારે ગોઝારો અકસ્માત નડ્યો હતો. અકસ્માત એટલો ભયાવહ હતો કે બસમાં સવાર મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા હતા. મદદ માટે બસની અંદરથી બૂમરાડ મચી હતી, રાહદારીઓ મદદ માટે દોડી આવ્યા હતા. જેમને ૧૦૮ એમ્બ્યુલન્સ તેમજ પોલીસને ઘટનાની જાણ કરી હતી.

## પાલિતાણા ડિવિઝનમાં રૂપિયા ૪૫.૪૮ લાખની વીજચોરી ઝડપાઈ

I પ્રતિનિધિ, ભાવનગર, તા.૧૧ I

ભાવનગર વર્તૂળ કચેરી હેઠળના પાલિતાણા ડિવિઝનના પાંચ સબ ડિવિઝનમાં પીજીવીસીએલની અલગ-અલગ ટીમો દ્વારા વીજ ચેકિંગની કામગીરી કરવામાં આવી હતી. જેમાં કુલ ૧૧૫ કનેક્શનોમાં કુલ રૂ.૪૫.૪૮ લાખની વીજચોરી પકડાઈ હતી.ભાવનગર વર્તૂળ કચેરી હેઠળના પાલિતાણા ડિવિઝનના ગારિયાધાર-૧, ૨, પાલિતાણા ટાઉન, રૂલર અને પીથલપુર સબ ડિવિઝનમાં પીજીવીસીએલની ૫૧ ટીમો દ્વારા આજે વહેલી સવારથી વીજ ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

પીજીવીસીએલની ટીમોએ ૩૪૮ રહેણાંકી અને ૨૭ વાણિજ્ય મળી કુલ ૩૭૫ વીજ કનેક્શનોની ચકાસણી કરવામાં આવી હતી. જે પૈકી ૧૧૨ રહેણાંકી અને ૦૭ વાણિજ્ય મળી ૧૧૯ વીજ કનેક્શનોમાં કુલ રૂ.૪૫.૪૮ લાખની વીજ ચોરી પકડાતા વીજ તંત્ર દ્વારા દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી.ભાવનગર વર્તૂળ કચેરી હેઠળના પાલિતાણા ડિવિઝનના પાંચ સબ ડિવિઝનમાં પીજીવીસીએલની અલગ-અલગ ટીમો દ્વારા વીજ ચેકિંગની કામગીરી કરવામાં આવી હતી. જેમાં કુલ ૧૧૫ કનેક્શનોમાં કુલ રૂ.૪૫.૪૮ લાખની વીજચોરી પ કડાઈ હતી.૫૧ ટીમો દ્વારા આજે વહેલી સવારથી વીજ ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી.



પીએમ મોદીએ કહ્યું હતું, કે ૧ હજાર વર્ષ અગાઉ આ સ્થળ પર કેવો માહોલ રહ્યો હશે!

# અમદાવાદ અને ગાંધીનગર મેટ્રો ફેઝ-૨નો શુભારંભ પીએમ મોદીએ લીલીઝંડી બતાવીને કર્યું લોકાર્પણ

## સોમનાથ નષ્ટ કરવા માટે એક નહીં, અનેક વખત પ્રયાસ થયા. વિદેશી આક્રમણકારીઓએ સદીઓ સુધી ભારતને નષ્ટ કરવા પ્રયાસ કર્યા

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૧ ।

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં યોજાઈ રહેલા 'સોમનાથ સ્વાભિમાન પર્વ'માં સહભાગી થવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલ સોમનાથની મુલાકાતે છે. (૧૧મી જાન્યુઆરી) પ્રવાસના બીજા દિવસે પીએમ મોદી સોમનાથમાં વિશેષ પૂજા-અર્ચના કર્યા બાદ ભવ્ય રોડ-શો (શૌર્યયાત્રા) યોજાઈ હતી. વડાપ્રધાન સોમનાથમાં શૌર્યયાત્રા, મંદિરમાં પૂજા અને સભા સંબોધન બાદ સીધા રાજકોટ પહોંચ્યા હતા અને રિજનલ વાઈબ્રન્ટ સમિટનું ઉદઘાટન કર્યું હતું. ત્યારબાદ તેઓ ગાંધીનગર પહોંચ્યા હતા. જ્યાં તેમણે અમદાવાદ-ગાંધીનગર મેટ્રો ફેઝ-૨નો શુભારંભ કરાવ્યો હતો.વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગાંધીનગરના સચિવાલયથી મહાત્મા મંદિર સુધીના અમદાવાદ-ગાંધીનગર મેટ્રો ફેઝ-૨નો શુભારંભ કરાયો છે. વડાપ્રધાન મોદીએ મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશનથી લીલીઝંડી બતાવીને ફેઝ-૨નું લોકાર્પણ કર્યું હતું. ત્યાંથી તેઓ રાજભવન જવા રવાના થયા છે.વડાપ્રધાન સોમનાથમાં શૌર્યયાત્રા, મંદિરમાં પૂજા અને સભા સંબોધન બાદ સોમનાથથી સીધા રાજકોટ પહોંચ્યા હતા અને રિજનલ વાઈબ્રન્ટ સમિટનું ઉદઘાટન કર્યું હતું. જ્યાં અનેક એમઓયુ થવાની શક્યતા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ દિવસના ગુજરાતનાં પ્રવાસે છે. આજે તેઓ સોમનાથ મહાદેવ મંદિર સ્વાભિમાન પર્વમાં સામેલ થયા હતા. ૧૦૮ અશ્વો સાથે ભવ્ય શોભાયાત્રાનું પણ આયોજન કરાયું હતું. જે બાદ પીએમ મોદીએ સોમનાથ મહાદેવની પૂજા અર્ચના કરી. દર્શન બાદ પીએમ મોદીએ સભા પણ સંબોધિત કરી હતી. તેમને કહ્યું હતું, કે સોમનાથ સ્વાભિમાન પર્વમાં ગર્વ, ગરિમા, ગૌરવ અને જ્ઞાન છે. ૐકારનો નાદ, મંત્રોચ્ચાર, ડ્રોન શો, શૌર્ય યાત્રા, ભજન... બધુ મંત્ર-મુગ્ધ કરી દે તેવું હતું. પીએમ મોદીએ કહ્યું હતું, કે ૧ હજાર વર્ષ અગાઉ આ સ્થળ પર કેવો માહોલ રહ્યો હશે! આપણાં પૂર્વજોએ આસ્થા, વિશ્વાસ અને મહાદેવજી માટે બલિદાન આપ્યા. હજાર વર્ષ બાદ આજે પણ સોમનાથ મહાદેવ મંદિરના શિખર પર લહેરાતી ધ્વજા ભારતની શક્તિ અને સામર્થ્યનું આહ્વાન કરી રહી છે. ગઝની અને ઔરંગઝેબ જેવા આક્રમણકારી વિચારી રહ્યા હતા કે તેમની તલવાર જીતી ગઈ. કટ્ટરપંથીઓ સમજી ન શક્યા કે જે સોમનાથને તે નષ્ટ કરવા માંગતા હતા, તેના નામમાં જ સોમ એટલ કે અમૃત જોડાયેલું છે. ગઝનીથી લઈને ઔરંગઝેબ સહિત સોમનાથ પર હુમલો કરનારા આક્રમણકારીઓ ઈતિહાસના પાનાંમાં દટાઈ ગયા, પણ સોમનાથ મહાદેવ મંદિર સમુદ્રના તટ પર આજે પણ અડીખમ ઊભું છે. પીએમ મોદીએ કહ્યું હતું, કે સોમનાથ પર આક્રમણના ૧ હજાર વર્ષ પૂર્ણ થયા. મંદિરના પુનઃનિર્માણના પણ ૭૫ વર્ષ પૂર્ણ થયા. સોમનાથ નષ્ટ કરવા માટે એક નહીં, અનેક વખત પ્રયાસ થયા. વિદેશી આક્રમણકારીઓએ સદીઓ સુધી ભારતને નષ્ટ કરવા પ્રયાસ કર્યા.





ખનીજ માફિયાઓ આધુનિક પદ્ધતિથી સરકારી તંત્રને પડકાર ફેંકી

## પંચમહાલમાં ખનીજ માફિયા બેફામ : વોટ્સએપથી અધિકારીઓની રેકી કરતા ઓડિયો મેસેજ વાઈરલ

। પ્રતિનિધિ, પંચમહાલ, તા.૧૧ ।

પંચમહાલ જિલ્લામાં ખનીજ માફિયાઓ આધુનિક પદ્ધતિથી સરકારી તંત્રને પડકાર ફેંકી રહ્યા છે. જિલ્લામાં અધિકારીઓની ગાડીઓની રેકી કરવા માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ થતો હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. ' પંચમહાલના બંકા' નામના વોટ્સએપ ગ્રુપમાં અધિકારીઓના લોકેશન અને ઓડિયો મેસેજ શેર કરી ખનીજ ચોરીને અંજામ આપવામાં આવી રહ્યો છે, જેનાથી વહીવટી તંત્રમાં ભારે ખળભળાટ મચી ગયો છે.મળતી માહિતી અનુસાર, ખનીજ માફિયાઓએ અધિકારીઓની હિલચાલ પર નજર રાખવા માટે એક આખું જાળ બિછાવ્યું છે. 'પંચમહાલના બંકા' નામના ગ્રુપમાં અધિકારીઓ ક્યારે ઓફિસમાંથી બહાર નીકળે છે અને કયા રૂટ પર જઈ રહ્યા છે તેની પળેપળની માહિતી શેર કરવામાં આવે છે. ગોધરા અને કાલોલ વિસ્તારના રૂટ, ચોક્કસ લોકેશન અને સમયની વિગતો આ ગ્રુપમાં લાઈવ અપડેટ કરવામાં આવે છે.વાઈરલ થયેલા ઓડિયો મેસેજમાં સ્પષ્ટ સાંભળવા મળે છે કે માફિયાઓ અધિકારીઓની ગાડીઓનો પીછો કરી રહ્યા છે અને એકબીજાને એલર્ટ કરી રહ્યા છે.ખનીજ માફિયાઓના આ હાઈટેક નેટવર્કને કારણે ખાણ-ખનીજ વિભાગ અને પોલીસની કામગીરી નિષ્ફળ સાબિત થઈ રહી છે. જ્યારે પણ અધિકારીઓ ઓચિંતું ચેકિંગ કરવા નીકળે છે.

## દારૂની હેરાફેરી માટે બાઈકમાં ચોર ખાનાનો નવો કીમિયો, છાણીમાં વધુ એક બાઈકમાંથી ૧૮૮ બોટલ મળી

। પ્રતિનિધિ, સુરત, તા ૧૦ ।

પોલીસથી બચવા માટે દારૂની હેરાફેરી કરતા ખેપિયાઓ દ્વારા અનેક પ્રકારની તરકીબો અજમાવામાં આવતી હોય છે. પરંતુ આવી તરકીબ લાંબો સમય ચાલતી નથી અને પોલીસના સપડાવવાનો વખત આવતો હોય છે.છાણી પોલીસ દ્વારા તાજેતરમાં જીએસએફસી બ્રિજ પાસેથી બે ખેપિયાઓને ઝડપી પાડી મોટર સાયકલની પેટ્રોલ ટેંક માં બનાવેલા ચોર ખાનામાંથી ૧૪૪ નંગ દારૂની બોટલ કબજે કરી હતી.છાણી પોલીસની ટીમ ગઈકાલે પેટ્રોલિંગમાં નીકળી રહી હતી તે દરમિયાન મોટરસાયકલ ઉપર આવી જ રીતે દારૂની ખેપ મારવામાં આવી રહી હોવાની વિગતો મળતા પોલીસે પોલીસ સ્ટેશન સામેથી પસાર થતાં બે યુવકોને ઝડપી પાડ્યા હતા. પોલીસે મોટરસાયકલની પેટ્રોલની ટાંકી તપાસતા અંદરથી ચોર ખાનું મળી આવ્યું હતું. જેમાંથી કુલ રૂ. ૨૮,૦૦૦ની ૧૮૮ દારૂની બોટલ મળી હતી. પોલીસે આ અંગે ગોપાલ ચેતનભાઈ રાઠવા (ડોલરીયા ગામ છોટાઉદેપુર) અને અજય ગોપાલભાઈ રાઠવા (ખોરવણીયા ગામ, છોટાઉદેપુર) ને ઝડપી પાડ્યા હતા.

## હળવદ પંથકમાં ફિલ્ટર પ્લાન્ટ સહિત ૬૪ વીજ જોડાણોમાં ગેરરીતિ પકડાઇ

। પ્રતિનિધિ, હળવદ, તા.૧૧ ।

હળવદ ગ્રામ્ય પંથકમાં છેલ્લા કેટલાક સમયથી વીજ ચોરીના બનાવો જેવાકે લંગર મારી મીટરને બાયપાસ કરી વીજચોરી કરી રહ્યા હતા જેને પીજીવીસીએલની ટીમે રંગે હાથે ઝડપી પાડી રૂા. ૪૫ લાખનો દંડ ફટકાર્યો હતો.પ્રાપ્ત માહિતી મુજબ વીજ ચેકીંગ દરમિયાન હળવદ તાલુકાના ગૌરી ઘનશ્યામપુર, કોયબા, અજીતગઢ, ખોડ, મયાપુર, ચૂપણી, ખેતરડી, માણેકવાડા, રાતભેર, ડુંગરપુર, શિવપૂર વગેરે ગામડાઓમાં વગેરે વિસ્તારમાં વીજ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ગામોમાં ૩૪ ટીમો દ્વારા કુલ ૪૨૫ વીજ કનેક્સન ચેક કરવામાં આવ્યા હતા. જેમાંથી ૬૩ રહેણાંકના કનેક્શનમાં ગેરરીતિ ઝડપાઇ હતી જે બદલ ૪૦.૦૬ લાખનો દંડ ફટકાર્યો હતો. અન્ય એક રાતભેર ગામે મહેન્દ્રભાઇ વાઘજીભાઇ રાજપૂતના પાણીના પ્લાન્ટમાં ચેકીંગ હાથ ધરવામાં આવતા વીજચોરી ઝડપાતા અંદાજીત ૪.૫૦ લાખ દંડ ફટકાર્યો હતો.હળવદ ગ્રામ્ય પંથકમાં કુલ ૩૪ ટીમો દ્વારા ૪૩૫ વીજ કનેક્શન ચેક કરવામાં આવ્યા હતા જેમાંથી ૬૩ રહેણાંક વીજ કનેક્શનમાં ગેરરીતિ ઝડપાઇ હતી. અને એક પાણીના ફિલ્ટર પ્લાન્ટમાં ગેરરીતિ ઝડપાઇ હતી કુલ ૪૫ લાખનો દંડ ફટકાર્યો હતો આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વીજ ચેકીંગની વાત વેગે પ્રસરી હતી તેથી વીજ ચોરી કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. હળવદ ગ્રામ્ય પંથકમાં છેલ્લા કેટલાક સમયથી વીજ ચોરીના બનાવો જેવાકે લંગર મારી મીટરને બાયપાસ કરી વીજચોરી કરી રહ્યા હતા જેને પીજીવીસીએલની ટીમે રંગે હાથે ઝડપી પાડી રૂા. ૪૫ લાખનો દંડ ફટકાર્યો હતો. ગામોમાં ૩૪ ટીમો દ્વારા કુલ ૪૨૫ વીજ કનેક્સન ચેક કરવામાં આવ્યા હતા. જેમાંથી ૬૩ રહેણાંકના કનેક્શનમાં ગેરરીતિ ઝડપાઇ હતી.






## તંત્રી લેખ..

# ખાલિસ્તાનની માગ પંજાબમાં હિંસાનું વાતાવરણ ઊભું કરશે?

૧૯૪૭માં ભારત અને પાકિસ્તાન એમ બે દેશ વિશ્વના નકશા ઉપર અસ્તિત્વમાં આવ્યા. પંજાબની છાતી ઉપર લોહિયાળ વિભાજનની રેખાઓ ખેંચાઈ. ૧૯૬૬માં ભાષાના આધારે પંજાબ અને હરિયાણા એમ અલગ-અલગ પ્રાંત અસ્તિત્વમાં આવ્યા. અગાઉથી જ હિમાચલ પ્રદેશનું કેન્દ્રીય સંઘ પ્રદેશ તરીકે અસ્તિત્વ હતું અને આગળ જતાં તેને રાજ્યનો દરજ્જો પણ આપવામાં આવ્યો. જરનૈલ સિંહ ભિંડરાવાલેએ પંજાબ સાથે અન્યાય થયો હોવાનો મુદ્દો ઉઠાવીને અલગ ખાલિસ્તાનની માગ વહેતી મૂકી. લગભગ બે દાયકાની હિંસા બાદ પંજાબમાં ફરી શાંતિ સ્થપાઈ. ફરી એક વખત ખાલિસ્તાનની માગ પંજાબમાં હિંસાનું વાતાવરણ ઊભું કરશે? શું 'ભિંડરાવાલે ૨.૦' એ હદ સુધી જશે? આ સવાલનો જવાબ હાલમાં કોઈ રાજકીય વિશ્લેષક કે રાજનેતા આપી શકે તેમ નથી. છેલ્લા કેટલાક સમયથી અમૃતપાલ સિંહનું નામ માત્ર પંજાબ જ નહીં, રાષ્ટ્રીય મીડિયામાં પણ ચર્ચામાં છે. દુબઈથી આવેલા આ શખ્સે ગાયક દીપ સિદ્ધુના સંગઠન 'વારિસ પંજાબ દે' - પંજાબના વારસદારની કમાન સંભાળી છે. અમૃતપાલ સિંહનો દેખાવ, વાત વર્તન અને કદ-કાઠીના ૧૯૭૦- '૮૦ દાયકામાં અલગ ખાલિસ્તાનની માગ કરનારા ભિંડરાવાલે સાથે મળતી આવે છે. અમૃતપાલનું પૈત્તૃક ગામ તથા ઉગ્રવાદના રસ્તે અલગ ખાલિસ્તાનની માગ કરનારા જરનૈલસિંહ ભિંડરાવાલેનું ગામ પણ એક જ છે. તેને 'ભિંડરાવાલે ૨.૦' તરીકે પણ ઓળખવામાં આવે છે. તે સોશિયલ મીડિયામાં ખૂબ જ લોકપ્રિય છે. અમૃતપાલ સિંહ ખાલિસ્તાનની માગ કરી રહ્યા છે. તેનું કહેવું છે કે ભારતમાં શીખો સાથે અન્યાય થઈ રહ્યો છે, એટલે પહેલાં તે ભારતના પંજાબમાં ખાલિસ્તાન સ્થાપિત કરવા માગે છે અને પછી તેઓ લાહોરમાં પણ ખાલસારાજ પ્રસ્થાપિત કરશે. અમૃતપાલ સિંહની માગને કારણે ફરી એક વખત ખાલિસ્તાન, શીખ ધર્મ, તેના પ્રથમ શાસક રણજીતસિંહ અને સામ્રાજ્ય ચર્ચામાં છે, જેમનું શાસન કુલ મળીને માત્ર ત્રણ પેઢી સુધી જ ચાલ્યું હતું. આ તબક્કે પંજાબના મુખ્ય મંત્રી ભગવંત માનનું કહેવું છે કે, 'અમુક હજાર લોકો એ પંજાબ નથી. આ લોકોને પાકિસ્તાનથી ફંડિંગ મળી રહ્યું છે. તેમના આકા પંજાબમાં અશાંતિ ઊભી કરવા માગે છે.' હાલમાં ખાલિસ્તાનને ભારતના પંજાબની સાથે જોડીને જોવામાં આવે છે. તેની ભૌગોલિક સીમાઓ હાલના પાકિસ્તાનના પંજાબ અને તેથી પણ આગળ વિસ્તરે છે. તેની સાથે ભાષા, ભૌગોલિક, ઐતિહાસિક અને ધાર્મિક આયામો પણ જોડાયેલા છે. શીખોના મોટાભાગના ધર્મગુરૂઓ, ધાર્મિકસ્થળો, ઐતિહાસિક સંદર્ભો પંજાબ સાથે જોડાયેલા છે. પંજાબ શબ્દ મતલબ પંજ (પાંચ) અને આબ (પાણી) સાથે મળીને બન્યો છે. સતલજ, બિયાસ, ચિનાબ, રાવી અને જેલમ નદીઓનો પ્રાંત એટલે પંજાબ. પરંતુ હાલમાં માત્ર સતલજ, રાવી અને બિયાસ નદીઓ ભારતના પંજાબમાં છે, બાકીની બે નદીઓ પાકિસ્તાનના પંજાબમાં વહે છે.

### ખાવા પીવાની ખોટી ટેવના કારણે બિમારીઓ લોકોમાં વધી રહી છે

# જંક ફુડ એટલે બિમારીને આમંત્રણ

ત્રણ મોટા કારણ છે જે જંક ફુડને ખતરનાક બનાવી દે છે. પ્રથમ કારણ તો એ છે કે તેમાં પ્રોસેસ્ડ ચીજ હોય છે, બીજી બાબત એ ચે કે તેમાં ફેટનુ પ્રમાણ વધારે રહે છે. ત્રીજી બાબત એ છે કે તેમાં કેલોરીનુ પ્રમાણ વધારે રહે છે. અમે જોઈ રહ્યા છીએ કે આ ત્રણ કારણોસર ઘરમાં ભોજન કરવાના બદલે લોકો બહાર જાય છે. આવી ટેવના કારણે આવા લોકો બિમારીનો શિકાર બની રહ્યા છે. જંક ફુડનો ઉપયોગ હાલના દિવસોમાં બદલાઈ રહેલી લાઈફસ્ટાઈલના કારણે વધારે જોવા મળે છે. આ પ્રકારની ખાવા પીવાની ટેવના કારણે સ્થુળતા વધતી જાય છે. બર્ગર, પિજ્જા, સમોસાની સાથે કોલ્ડ ડ્રિક્સ પણ આરોગ્ય માટે ખુબ ખતરનાક છે. જંક ફુડના કારણે અમે હવે ખાવા પીવામાં આવતી પોષક ચીજવસ્તુઓથી દુર કરી દીધા છે. બાળકોના મામલે તો વધારે ધ્યાન આપવાની તાકીદની જરૂરિયાત દેખાઈ રહી છે. કારમ કે તેમને જો શરૂઆતથી પોષક તત્વો મળી શકશે નહી તો રોગ પ્રતિકારક ક્ષમતામાં પણ વધારો થશે નહી. તેમની રોગ પ્રતિકારક ક્ષમતા ઘટતી જશે. હાલમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં એવી ચોંકાવનારી બાબત સપાટી પર આવી છે કે અમેરિકામાં ૩૦ ટકા કરતા વધારે લોકો વધારે પડતા વજનના કારણે પરેશાન થયેલા છે. ભારતમાં પઁણ જે રીતે જંક ફુડે હાલમાં તેની જાળને ફેલાવવાની શરૂઆત કરી દીધી છે તે જોતા નવી ચિંતાં જોવા મળી રહી છે. દિલ્હીમાં તાજેતરમાં જ એક સ્કુલ અભ્યાસમાં કેટલીક નવી વિગત સપાટી પર આવી હતી. જેમાં જાણવા મળ્યુ કે સ્કુલ જતા ૩૦ ટકા બાળકો પણ વધારે પડતા વજનના કારણે હેરાન છે. જંક ફુડ પર આધારિત હોવાનો મતલબ જુદી જુદી બિમારીઓને આમંત્રણ આપવાનો છે. વધારે પડતી ચિકાસની ચીજવસ્તુઓ ખાવાથી ફેફસામાં પેટનુ પ્રમાણ વધી જાય છે. તેમાં પ્રોટીનની માત્રા તો હોતી જ નથી. પ્રોટીન આરોગ્ય માટે સૌથી વધારે મહત્વપૂર્ણ છે. હાલમાં વધી રહેલી અનેક બિમારીઓ આ જ ભોજનની ટેવના કારણે છે. આજે શુગર, બ્લડ પ્રેશન અને હાર્ટ સંબંધિત અનેક નવી નવી બિમારીઓ ઘર કરી રહી છે તેનુ મુખ્ય કારણ જંક ફુડ છે. તેનો ઉપયોગ હાલમાં વધી રહ્યો છે. શુગરનુ વધતુ પ્રમાણ સ્થુળતાને વધારે છે. સ્થુળતા જ અનેક બિમારીઓને આમંત્રણ આપી દે છે. અમે એ વાત પણ જોઈ રહ્યા છીએ કે ખાવા પીવાની ખરાબ ટેવની સાથે સાથે અમે હવે આરામદાયક જીવનશેલી તરફ આગળ વધી રહ્યા છીએ. આરામદાયક જીવનશેલીને પસંદ કરવાના પ્રયાસ કરી રહ્યા છીએ જેના કારણે હાલત વધારે ખરાબ થઈ રહી છે.



**આજકાલ**

લેખક : દીપક જગતાપ

### ૨૧ માર્ચ : વિશ્વ કવિતા દિવસ : કવિતા એ કાનનો જલસો છે, એ આંખોથી ના ઉજવાય

**કવિતા એ અંદરની શક્તિ છે એમ કહેવું કશુ ખોટું નથી કે ગમે તેટલુ અંધારુ હોય પણ કવિતા તેનો માર્ગ શોધી જ લે છે સ્ટેજ રોકર્સ ઇન્ડિયાના ફાઉન્ડર ઓનર હાર્દિક ત્રિવેદીએ જણાવ્યુ છે કે કવિતાઓ અત્યારના સમયમાં ઓછી લખાઈ રહી છે**

# દુનિયાની સૌપ્રથમ કવિતા ઇ.સ પૂર્વ ૨૧૦૦માં ઇંટ ઉપર લખવામાં આવી હતી

**પ્રાચીન કાળથી, લોકોએ છંદો અને કવિતાઓમાં તેમની લાગણીઓ અને વિચારો વ્યક્ત કર્યા છે, અને આ વિચારોએ હજારો અને લાખો અન્ય લોકોના હૃદયમાં તેમનો પ્રતિસાદ મેળવ્યો છે**




૨૧મી માર્ચે વિશ્વ કવિતા દિવસ ઉજવાય છે. દેશઅને વિશ્વભરમાં કવિ અને કવિતાઓનો અનોખો સંગમ રચાવાનો દિવસ છે. કાવ્ય, કવિતા, ગીત, ગઝલનામે રચાતા કાવ્યો હૃદયમાં સંવેદના જગાવે છે. આ લાગણીઓની જ્યારે શબ્દોથી સજાવાય છે ત્યારે કવિતાની રચના થાયછે.કવિ પોતાના મનમાં શબ્દોની ગોઠવણ કરી અને કવિતાને કાગળ પર ઉતારે છે.હવે કવિતાના શબ્દો ડિજિટલાઈઝ થઈ ગયા છે. પણ કવિતાનો ભાવ એટલો અતૂટ રહ્યો છે.

દર વર્ષે ૨૧ માર્ચનાં રોજ વિશ્વ કવિતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. કવિતા, કવિ અને તેમની સર્જકતાને સન્માન મળે તે માટે ૧૯૯૯થી યુનેસ્કો દ્વારા ૨૧ મી માર્ચને વિશ્વ કવિતા દિવસ તરીકે ઘોષિત કરવામાં આવ્યો છે. હ્યદયમાં ઉઠતા તરંતો, લાગણી અને માનવીય સંવેદનાઓને શબ્દો વળે લયબધ્ધ રીતે રજુ કરાય એ કવિતા છે.

દર વર્ષે વિશ્વ કવિતા દિવસ અલગ-અલગ થીમ (વિષય) સાથે ઉજવવામાં આવે છે. જેમાં વિશ્વ કવિતા દિવસ આ વર્ષે ૨૦૨૩ની થીમ (વિષય) "Always be a poª, even in prose." છે. કવિતા એ હૃદયની સૌથી નજીકની વસ્તુ છે. જે વાત આપણે અનેક પાનામાં લખીને વ્યક્ત કરી શકતા નથી, તે કવિતાની એક પંક્તિમાં કરી બતાવે છે. કવિતાથી સત્તા પણ હલી જાય, હૃદય પણ પીગળી જાય, દેશના દરેક નાગરિકાના હૈયા દેશભકિતની ભાવના પણ ઉજાગર કરી શકાય. હૃદય ઉંડા ખુણે છુપાયેલા ભાવોને બહાર લાવવા માટેનું એકમાત્ર સાધન છે કવિતા.

આ નવા યુગમાં ભલે બધું યાંત્રિક બની ગયું હોય અને જીવન ઈન્ટરનેટની માયાઝાળમાં ગુંચવાઈ ગયુ હો, પણ આપણું મન અને આત્મા એક સુંદર કવિતાની જરૂરીઆત અનુભવે છે. કવિતા એ અંદરની શક્તિ છે. એમ કહેવું કશુ ખોટું નથી કે ગમે તેટલુ અંધારુ હોય પણ કવિતા તેનો માર્ગ શોધી જ લે છે સ્ટેજ રોકર્સ ઈન્ડિયાના ફાઉન્ડર ઓનર હાર્દિક ત્રિવેદીએ જણાવ્યુ છે કે કવિતાઓ અત્યારના સમયમાં ઓછી લખાઈ રહી છે, યુવાનોમાં કવિતા કરતા રૅપનો ક્રેઝ વધુ પ્રમાણમાં છે. જે ક્રેઝને ઓછો કરીને યુવાધનને કવિતા તરફ આકર્ષિત કરવા માટે જાહેર કાર્યક્રમોનું આયોજન કરવાની જરૂર છે. સોશિયલ મીડિયા અને ચોવીસ કલાક ઓનલાઈન રહેવાના જમાનામાં એમએસયુના ઓનલાઈન રેડિયો સયાજી એફએમના યોગેશ જાંગીડે જણાવ્યું છે કે લોકો ગીત સાથે કવિતાઓ પણ સાંભળે તે માટે આ કાર્યક્રમને ઓન એર કરવાની જરૂર જેથી યુવા કવિઓને પ્રોત્સાહન મળે અને તેમનાથી લોકો પ્રેરણા લઈને કવિતાની રચના કરવાની શરૂઆત કરે.

કવિતાએ આપણને નજાકત, હળવાશ, પ્રેમ, આશા, ખુમારી શું શું નથી આપ્યું? દરેક દેશમાં અને પ્રત્યેક કાળમાં કવિ અને કવિતાનું યોગદાન અમૂલ્ય રહ્યું છે, કવિ કે શાયરની એકાદ કવિતા કે પંક્તિ સાંભળતા જ મડદાં પણ બેઠા થઈ જાય એવી તાકાત શબ્દોમાં રહેલી હોય છે. કદાચ એટલે જ પહેલાના જમાનામાં રાજા મહારાજાઓ યુધ્ધ સમયે સૈનિકોને પાનો ચડાવવા માટે ભાટ ચારણોને સાથે રાખતા પણ આપણે એટલા પાછળ જવાની જરૂર નથી. ઘાયલ સાહેબ જ કહે છે કે, અમૃતથી હોઠ સૌના એંઠા કરી શકુ છું, મૃત્યુના હાથ પળમાં હેઠા કરી શકું છું,

મારી આ શાયરી સંજીવની છે ઘાયલ, પાળિયા ને પણ બેઠા કરી શકું છું. કવિતા એક એવુ માધ્યમ છે જેમાં સૌ કોઈ ડૂબકી લગાવી શકે છે. કોઈને કવિતા લખવી ગમે છે.. તો કોઈને કવિતા વાંચવી ગમે છે.તો કોઈને સાંભળવી કે કવિતા માણવી ગમે છે.

છપાયેલી કવિતા વાંચવાનો ખૂબ જ આનંદ આવે છે અને છંદ, આરોહ, અવરોહ સાથેનું એનું પઠન તો વળી એક અલગ દુનિયામાં જ લઈ જાય છે. પાછી આ કવિતા જો કોઈ સંગીતકારના હાથમાં આવે અને એને સૂરોનો સાથ મળે તો તો પછી કહેવું જ શું.કોઈ કવિએ કહ્યું છે કે કવિતા એ કાનનો જલસો છે, એ આંખોથી ના ઉજવાય. કવિતાનો લય સૃષ્ટિના લયની સમાંતરે ચાલતો રહે છે. કવિતા એ એક એવી ભાષા છે જે વિશ્વના કોઈપણ ખૂણાના રહેવાસીને સમજાય છે. કવિતા લોકો અને સંસ્કૃતિઓને એક કરે છે, દરેક વ્યક્તિને એકબીજાની નજીક બનવામાં મદદ કરે છે. પ્રાચીન કાળથી, લોકોએ છંદો અને કવિતાઓમાં તેમની લાગણીઓ અને વિચારો વ્યક્ત કર્યા છે, અને આ વિચારોએ હજારો અને લાખો અન્ય લોકોના હૃદયમાં તેમનો પ્રતિસાદ મેળવ્યો છે. દરેક સમયે, કવિઓ પર બીજા કોઈની જેમ વિશ્વાસ કરવામાં આવતો નથી, કારણ કે કવિતા એ સાચી લાગણીઓ અને લાગણીઓનું પ્રતિબિંબ છે.

આમ તો દુનિયાની સૌપ્રથમ કવિતા ઈ.સ પૂર્વ ૨૧૦૦ માં ઈંટ ઉપર લખવામાં આવી હતી. આ શબ્દ ૧૫ મી સદીના છે. જે ગ્રીક ભાષાના પોઈઓ શબ્દ ઉપરથી ઉતરી આવેલ છે. જેનો અર્થ થાય છે સર્જન કરવું.

ગુજરાતીમાં જ કેટલા બધા કાવ્યપ્રકારોનું ખેડાણ થયું છે. છપ્પા, છંદ, દુહા, જાપાનમાંથી આવેલ હાઈકુ, ઈરાનમાંથી આવેલી ગઝલ. ઈટાલીયન સોનેટ પણ વાયા લંડન, ગુજરાતીમાં આવી ગયું તો છંદની સાથે સાથે અછાંદસ પણ એટલું જ લોકપ્રિય થયું.કવિતાના પણ જુદા પ્રકાર છે જેમાં ગઝલ, શ્રંધ્ધાજલિ કાવ્ય, શોક કાવ્યો તેમજ કવિતાઓના અન્ય પ્રકારોનો પણ સમાવેશ થાય છે તેજમ જુદી-જુદી ભાષાના જુદા જુદા કવિઓએ પણ તેમની કવિતાઓની અદભૂત રચનાઓથી સમગ્ર વિશ્વમાં નામના કમાવી છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘે ૨૧ માર્ચને વિશ્વ કવિતા દિવસ તરીકે જાહેર કર્યો છે. સાહિત્યનો સૌથી વધુ લોકપ્રિયને જૂનો પ્રકાર પણ આજ. કવિતા સંગીતે મઢાય ને મધુરા સ્વરે ટહુકે પછીતો હૈયે એવી જડાય કે યુગવર્તી બની જાય. આપણું પ્રાચીન સાહિત્ય ઋષીમુનિઓએ કવિતા રૂપે જ ભેટ ધર્યુ છે.. વેદ, મહાભારત, રામાયણ, કે કવિ કાલિદાસ વગેરેની અમર રચનાઓ આપણી સંસ્કૃતિનું ગૌરવ છે. આપણા વેદવ્યાસજીએતો એક લાખ શ્લોકો થકી મહાભારતનું મહાકાવ્ય લખ્યું હતુંપબોલાઈ જાયને અધધ.

કવિતા એટલે કે poªry પએ ગ્રીક ભાષાના શબ્દ..poieo જેનો અર્થ છે..હું સર્જન કરું છું પરથી ઉતરી આવ્યો છે.આપણી અતિ પ્રાચીન સભ્યતાઓ જે વિકસી હતી..ગ્રીક અને સુમેરિકન..તે લોકો પણ કવિતા કરતા હતા. ગ્રીક મહાકાવ્યો.. ઈલિયડ અને ઓડિસીની..પણ જગતની યાદગાર કવિતાઓમાં ગણના થાય છે. આજથી ૪ હજાર પૂર્વે..સુમેરિકનકાળમાં.. મોસેપોટેમિયા એટલે કે આજના ઈરાનમાં, એક રાજાની પ્રસંશા સાથે તેમના પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરતા શીલા લેખમાં, વિશ્વની જૂનામાં જૂની કવિતા પ્રાપ્ત થઈ છે. અને તેની થોડી પંક્તિઓ સચવાયેલી અનામત છે. જે ૧૮૮૦ના દસકાઓમાં ઐતિહાસિક ખોદકામ કરતાં મળેલ. આ કવિતા પણ વિવિધ પથ્થરો પર ક્રમશઃ લખાઈ છે.



### અમારા રસોડામાં પણ કેટલીક ઉપયોગી ચીજો હોય છે જેનાથી લાભ

**આ સામગ્રી આપના રસોડામાં રહે છે આમાં આપને વધારે કોઇ નવી ચીજ કરવાની હોતી નથી માત્ર તેને તૈયાર કરીને તેનો ઉપયોગ કરવાની હોય છે બાકી આના ફાયદા તો તમે બે દિવસમાં જોઇ શકો છો**

# ઘરે જ કફ-કોલ્ડની સારવાર કરો

**સિઝનમાં ફેરફાર થયા બાદ કેટલીક લોકોને શરદી ગરમીની અસર થાય છે : તબીબ પાસે જવાનુ હાલમાં ટાળો : સાવચેતી અતિ જરૂરી બની છે**

અમારા રસોડામાં કેટલીક એવી ખાદ્ય ચીજો હોય છે જેનો જો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે તો કેટલીક બિમારીને ટાળી શકાય છે. સિઝનમાં ફેરફાર થવાની સાથે જ કેટલાક લોકોને શરદી ગરમીની અસર રહે છે. કોરોના વાયરસનો આતંક રહેલો છે ત્યારે નાની નાની તકલીફ માટે તબીબ પાસે ભાગી જવાની બાબત પણ યોગ્ય નથી. હાલમાં તબીબ પાસે જવાનુ ટાળવામાં આવે તે જરૂરી છે. જે લોકોને શરદી ગરમી ઉધરસની સમસ્યા છે તે લોકો માટે અમે કેટલીક વાત કરવા અહીં જઈ રહ્યા છીએ જે તેમના માટે ઉપયોગી રહી શકે છે. ઘરમાં રહેલી ચીજોનો ઉપયોગ કરીને શરદી ગરમીને બે દિવસમાં ઠીક કરી શકો છો. આ સ્થાનિક ઉપચારની બાબત લૌંગ અથવા તો લવિંગ અને પાણીને મિક્સ કરીને તૈયાર કરવામાં આવે છે.

આ સામગ્રી આપના રસોડામાં રહે છે. આમાં આપને વધારે કોઈ નવી ચીજ કરવાની હોતી નથી. માત્ર તેને તૈયાર કરીને તેનો ઉપયોગ કરવાની હોય છે. બાકી આના ફાયદા તો તમે બે દિવસમાં જોઈ શકો છો. હકીકતમાં આ સ્થાનિક ઉપચારને પાણી અને લવિંગ સાથે મિક્સ કરીને તૈયાર કરવામાં આવે છે. ઔષધીના ગુણોથી ભરપુર રહેલા લવિંગ પર કેટલાક વૈજ્ઞાનિક પ્રયોગ પણ કરવામાં આવી ચુક્યા છે. મેડલાઈન પ્લસના કહેવા મુજબ લોંગ દાંતની સફાઈમાં, પિડામાં પણ ઉપયોગી સાબિત થાય છે. ઉલ્ટી થવા અને પાચન સાથે સંબંધિત સમસ્યામાં પણઁ રાહત આપે છે. ડાયરિયામાં પણ ઉપયોગી સાબિત થાય છે. સોજાને ઉતારી દેવામાં પણ તેની ભુમિકા રહેલી છે. આને તૈયાર કઈ રીતે કરવામાં આવે તેવા પ્રશ્ન બાદ આનો જવાબ એ છે કે આને તૈયાર કરવા માટે કોઈ વધારે હેરાન થવાની જરૂર નથી. માત્ર એક નાનકડી પ્રક્રિયા બાદ તેને તૈયાર કરી લેવામાં આવે છે. જેનો ઉપયોગ કરીને શરદી ગરમીથી રાહત મળી શકે છે. સામગ્રીની વાત કરવામાં આવે તો તેમાં એક લીટર પાણી અને ૮-૧૦ લવિંગની જરૂર હોય છે.

લોંગ અથવા તો લવિંગ સામગ્રી એકત્રિત કરી લેવામાં આવ્યા બાદ આગળની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. બનાવવાની રીત એ છે કે સૌથી પહેલા એક વાસણમાં પાણી લેવામાં આવે છે. તેને ઉકાળવા માટે ગેસ પર મુકી દેવામાં આવે છે. જ્યારે પાણી ઉકળવા લાગી જાય ત્યારે તેમાં લવિંગ નાંખી દેવામાં આવે છે. ત્યારબાદ તેને એ વખત સુધી ઉકાળવામાં આવે છે જ્યાં સુધી લવિંગના રંગ પાણીમાં પૂર્ણ રીતે ન મળી જાય. હવે આ પાણીને ઠડુ કરવામાં આવે છે. પાણી ઠંડુ થયા બાદ તેનો ઉપયોગ કરી શકાય છે. આ સ્થાનિક પ્રયોગનો ઉપયોગ કરીને બેથીત્રણ દિવસમાં જ આના ફાયદા દેખાઈ આવે છે. દેશમાં કોરોનાના વધતા જતા કેસો વચ્ચે હાલમાં સામાન્ય લોકો શરદી ખાંસી અને ઉધરસને લઈને પરેશાન દેખાઈ રહ્યા છે. આના કારણે દહેશતમાં આવી જાય છે. જો કે આના કારણે દહેશતમાં રહેવા માટે કોઈ કારણ નથી. ઘરમાં રહેલી ચીજોનો ઉપયોગ કરીને આ બિમારીને દુર કરી શકાય છે. જાણકાર નિષ્ણાંત કહે છે કે લવિંગ એમ પણ શરીર માટે અનેક રીતે ઉપયોગી રહે છે. હાલમાં શરીરમાં રોગ પ્રતિકારક ક્ષમતા વધારી દેવા માટેની બાબત પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર હોય છે. તબીબો અને નિષ્ણાંતો કહે છે કે જે વ્યક્તિ રોગપ્રતિકારક ક્ષમતા પુરતા પ્રમાણમા ધરાવે છે તેને કોઈ બિમારી વહેલી તકે પકડી શકે તેમ નથી. સિઝનમાં ફેરફાર થવાની સાથે જ મોટા ભાગના લોકોને શરદી ગરમીની અસર થાય છે. જો કે હાલમાં તો તમામ લોકો ઘરમાં છે. કોરોનાન વાયરસના કારણે ઉભી થયેલી અભૂતપૂર્વ સ્થિતી વચ્ચે લોકો ઘરમાં છે. આવી સ્થિતીમાં કેટલાક લોકોને તો ઘરમાં પણ આ સિઝનલ શરદી ગરમીની અસર થઈ જાય છે. જેથી આ નાનકડી સમસ્યા માટે હાલમાં જટિલ સ્થિતી વચ્ચે તબીબોની પાસે દોડી જવાની બાબત યોગ્ય નથી. ઘરમાં રસોડામાં રહેલી ચીજોનો ઉપયોગ કરીને આનો ઉપચાર કરી શકાય છે. આમાં વિલંબ થાય છે પરંતુ હાલમાં સાવધાની રાખવામાં આવે તે જરૂરી છે. લવિંગ અને પાણીનો ઉપયોગ નિષ્ણાંતના કહેવા મુજબ આદર્શ સાબિત થાય છે. અન્ય ઘરેલુ પ્રયોગ પણ રહેલા છે. જેનો ઉપયોગ કરીને શરદી ગરમી અને ઉધરસ જેવી સમાન્ય ફ્લુની તકલીફને ટાળી શકાય છે અને રાહત મેળવી શકાય છે.



# હાઉસિંગ, રિયલ એસ્ટેટ, હોટેલ, ટેલિકોમ અને એરલાઇન્સ કંપનીઓ હચમચી ઉઠી છે

ભારત જ નહી બલ્કે દુનિયાના મોટા ભાગના દેશોમાં કોરોનાની સ્થિતી હવે હળવી બની રહી છે. આર્થિક ગતિવિધીઓ તમામ દેશોમાં શરૂ થઈ ગઈ છે. કેટલાક દેશોના કેટલાક પ્રાંતમાં હજુ નિયંત્રણ છે પરંતુ હવે સ્થિતી હળવી બની રહી છે. આર્થિક ગતિવિધી અને જનજીવન ફરી પાટા પર આવી રહ્યુ છે. જો કે લાંબા સમય સુધી લોકડાઉન અને કઠોર નિયંત્રણના કારણે તમામ લોકોની કમર તુટી ગઈ છે. આર્થિક ગતિવિધી શરૂ થઈ હોવા છતાં રિકવરી થઈ રહી નથી. રિક્વરી થવામાં હજુ ખુબ સમય લાગી શકે છે. ખુબ મર્યાદિત સ્થિતી અને નિયમો વચ્ચે મર્યાદિત કામ ચાલી રહ્યુ છે. કોરોના વાયરસના પ્રકોપને ખતમ કરવા માટે આ રણનિતી નથી આ બાબત તો તમામ લોકો સારી રીતે જાણે છે. આનો મુખ્ય ઉદ્ધેશ્ય બિમારીના વિસ્ફોટની મર્યાદાને ઘટાડી દેવા અને બચાવનુ માળખુ ઉભુ કરવા માટે સમય હાંસલ કરવા સાથે મર્યાદિત છે. ફલુના વાયરસની જેમ આ વરસાદના આગમનની સાથે નરમ પડી જશે તે સમજને પહેલાથી જ ફગાવી દેવામાં આવી ચુકી છે. વેક્સીનતમામ દેશોમાં આવી ચુકી છે. રેકોર્ડ સંખ્યામાં લોકોને વેક્સીન આપવામાં આવી રહી છે. દરરોજ કરોડો લોકોને વેક્સીન લાગી રહી છે. વેક્સીન હોવા છતાં સાવધાની જરૂરી છે. આવી સ્થિતીમાં બચીને ચાલવાની બાબત જ બચી જાય છે.

જેમાં દુનિયાના દેશો લાગેલા છે. જો કે આની સામે હવે સમાંતર ચિંતા એ પણ થઈ રહી છે કે જો આવી જ સ્થિતી રહેશે તો નોકરી , કામ ધંધા અને આવકના બાકી સાધનો જીવિત રહી શકે તેવી શક્યતા ઓછી છે. અમારા ત્યાં કાપણી સપ્તાહ અથવા તો દસ દિવસમાં પૂર્ણ થઈ જનાર છે. ગામડામાં આ સિઝન દરમિયાન તમામના હાથમાં કોઈને કોઈ પૈસા પહોંચી જાય છે. જો કે આ વર્ષે આ શક્ય બનશે તેમ માની લેવા માટે કોઈ કારણ નથી. મંડીઓ યોગ્ય રીતે ચાલી રહી નથી.



સમાચાર એવા પણ આવી રહ્યા છે કે લોકોએ થોડીક ઓછી કિંમતે ખાનગી ખરીદારોને તેમની પેદાશ વેચી મારવાની શરૂઆત કરી દીધી છે. સૌથી ખરાબ બાબત એ છે કે ખેત મજદુરોના હાથમાં કોઈ પૈસા પહોંચી શક્યા નથી. ખરાબ હવામાન અને બિમારીના ડરના કારણે લોકોએ વધારે રેટ પર સંયુક્ત હાર્વેસ્ટર મારફતે કાપણી અને મંડાઈ તમામ ચીજો એક સાથે કરાવી લેવાનો નિર્ણય કર્યો છે. જો કે નાના અને સિમાંત ખેડુતો માટે આ રસ્તો તો બંધ સમાન રહેલો છે. ખાવા માટે અનાજ પેદા કરનાર પરિવાર જો હિમ્મત કરીને પોતાના ખેતમાં હાર્વેસ્ટરની વ્યવસ્થા કરે છે તો પણ તેને કેટલાક જરૂરિ ખર્ચ પર બ્રેક મુકવાની જરૂર પડી શકે છે.

રાષ્ટ્રીય સ્તર પર જોવામાં આવે તો સૌથી મોટો પ્રશ્ન તો એ થાય છે કે શુ હાલની ખેતિહારી ગતિવિધીઓ દેશના વિશાળ ગ્રામીણ વિસ્તારોને કામકાજી માહોલમાં રાખી શકશે ? ગ્રામીણ માહોલ હાલમાં હચમચી ઉઠ્યુ છે. ખેતી હવે રોકડ રકમ માગે છે. સ્થિતી એ થઈ છે કે શહેરી વિસ્તારોમાંથી પણ આ વખતે ગ્રામીણ ક્ષેત્રોમાં એટલા પૈસા પહોંચી શકશે નહીં કે ખરીફ માટે શરૂઆતી સિંચાઈ અને ખાતરની વ્યવસ્થા કરી શકાય છે. ઉપરથી ફેક્ટરીમાં કામ કરનાર લોકો તો હાલમાં શહેરોમાં આપવામાં આવી રહેલી સુવિધા પર આધારિત થઈ ગયા છે. અથવા તો ગ્રામીણ વિસ્તારોમાં જતા રસ્તામાં અટવાયા છે. છેલ્લા કેટલાક સમયથી ખરાબ હાલતમાં રહેલી ગ્રામીણ અર્થવ્યવસ્થાને આ વર્ષે તેમના પરિવારને ચલાવવાની પણ મોટી જવાબદારી આવી ગઈ છે. ભારતની આશરે ત્રણ ચતુર્થાશ ગ્રામીણ વસ્તીની જીડીપીમાં ભૂમિકા નહીંવત સમાન છે. છેલ્લા દસ વર્ષોમાં બે અથવા તો ત્રણ વર્ષ જ એવા ગયા છે જ્યારે ઓછા વરસાદના કારણે ખેતીની હાલત ખરાબ થયેલી છે. છતાં દેશમાં જીડીપી ગ્રોથ રેટ છ ટકાથી વધારે રહ્યો હતો. જો કે આ વખતે મામલો ઉપરથી તરફ વધારે ખરાબ છે. જેથી પ્રાઈમરી સેક્ટર ખેતી, ખાણ અને મછળી પકડી પાડવા સાથે સંબંધિત કામ દેશ માટે આશા જગાવે છે. બીજા તબક્કામાં લોકડાઉનના ગાળા દરમિયાન સરકારે પોતાની રીતે આ તમામ ક્ષેત્રોમાં શક્ય બને તેટલી હદ સુધી સક્રિયતા જાળવી રાખવા માટેના પ્રયાસો કર્યા હતા. આ કેટલા સફળ થાય છે તેના મુલ્યાંકન હવે કરવામાં આવનાર છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com


૩૦થી વધુને ઈજા પહોંચી હતી

# ઉત્તર ભારતમાં ગાઢ ધુમ્મસના કારણે અકસ્માતમાં ચાર લોકોનાં મોત થયા

**। એજન્સી, નવી દિલ્હી, તા.૧૧ ।**

ઉત્તર ભારતમાં શનિવારે ગાઢ ધુમ્મસનું સામ્રાજ્ય છવાયેલું રહ્યું હતું, જેના કારણે કેટલાક વાહનોના અકસ્માત થતાં ચાર લોકોનાં મોત નીપજ્યાં હતા અને ૩૦થી વધુને ઈજા પહોંચી હતી. આ સાથે ઉત્તર ભારતમાં હાડ થીજાવતી ઠંડીની સ્થિતિ યથાવત રહી છે.કાશ્મીર ખીણમાં અનેક સ્થળો પર કેટલાક દિવસોથી તાપમાનનો પારો શૂન્યથી નીચે ઉતરી ગયો છે. હવે દિલ્હીમાં પણ તાપમાન વધુ ઘટયું હતું. આ સાથે દિલ્હીમાં શિયાળાની વર્તમાન સિઝનમાં શનિવારની સવાર વિક્રમી ઠંડી નોંધાઈ હતી. આ સાથે પંજાબના અનેક વિસ્તારોમાં પણ ઠંડી વધી છે. પંજાબનું હોશિયારપુર ૧.૧ ડિગ્રી સે. સાથે રાજ્યનું સૌથી ઠંડુ શહેર રહ્યું હતું તેમ હવામાન વિભાગે જણાવ્યું હતું. પંજાબ અને હરિયાણામાં ધુમ્મસના કારણે વિઝિબિલિટી ઘટી ગઈ હતી. ગાઢ ધુમ્મસના કારણે હોશિયારપુર અને દસુયા માર્ગ પર એક કાર અને બસ ટકરાતા ચાર લોકોના મોત નીપજ્યાં હતા અને એક વ્યક્તિને ઈજા થઈ હતી તેમ પોલીસે જણાવ્યું હતું.રાજસ્થાનમાં ગાઢ ધૂમ્મસના કારણે જયપુર-દિલ્હી રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૪૮ પર ઓછી વિઝિબિલિટીના કારણે એક પીકઅપ વાહન બસ સાથે અથડાતા ૨૫ લોકોને ઈજા પહોંચી હતી. જોકે, સદનસીબે કોઈ જાનહાની થઈ નહોતી તેમ પોલીસે જણાવ્યું હતું. આવો જ એક અકસ્માત જેસલમેરમાં થયો હતો, જ્યાં એક બસ પોલીસ વાહન સાથે અથડાઈ હતી.

અધિકારીઓએ માનીતી કંપનીઓને ફાયદો કરાવવા માટે ટેન્ડર પ્રક્રિયામાં મોટા પાયે ચેડાં કર્યાં

# રાજસ્થાનમાં ૨૦૦૦ કરોડના મધ્યાહન ભોજન કૌભાંડમાં ૨૧ની ધરપકડ । કોરોના કાળમાં બાળકોનો કોળિયો છીનવ્યો

**તપાસમાં બહાર આવ્યું છે કે કોરોના કાળ દરમિયાન સ્કૂલો બંધ હોવાથી બાળકોને ઘરે કરિયાણું પહોંચાડવાની જવાબદારી 'કોન્ફેડ' અને સિવિલ સપ્લાય વિભાગને સોંપાઈ**

**। એજન્સી, જયપુર, તા.૧૧ ।**

આખો દેશ કોરોના જેવી ભયાનક મહામારી સામે ઝઝૂમી રહ્યો હતો અને ગરીબ બાળકો માટે સરકારી ભોજન યોજના આશીર્વાદ સમાન હતી, ત્યારે રાજસ્થાનમાં ભ્રષ્ટાચારીઓએ આ તકનો લાભ ઉઠાવીને ૨૦૦૦ કરોડ રૂપિયાનું કૌભાંડ આચર્યુ હતું. રાજસ્થાન એન્ટિ કરપ્શન બ્યુરોએ આ મામલે ૨૧ વગદાર અધિકારી અને ખાનગી કંપનીઓ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ તપાસમાં બહાર આવ્યું છે કે કોરોના કાળ દરમિયાન સ્કૂલો બંધ હોવાથી બાળકોને ઘરે કરિયાણું પહોંચાડવાની જવાબદારી 'કોન્ફેડ' અને સિવિલ સપ્લાય વિભાગને સોંપાઈ હતી. આરોપ છે કે અધિકારીઓએ માનીતી કંપનીઓને ફાયદો કરાવવા માટે ટેન્ડર પ્રક્રિયામાં મોટા પાયે ચેડાં કર્યા હતા. આ પ્રક્રિયામાં લાયક કંપનીઓને બાકાત રાખીને મળતિયાઓને જ કોન્ટ્રાક્ટ પધરાવી દેવાયા હતા.



ચોંકાવનારી વિગત એ છે કે અનેક જગ્યાએ સામાનની કોઈ ડિલિવરી જ થઈ નહોતી. આમ છતાં ઊંચા ભાવના બોગસ બિલો રજૂ કરીને સરકારી તિજોરીમાંથી નાણાં સેરવી લેવામાં આવ્યા હતા. આ કૌભાંડમાં ફૂડ ગ્રેઈન, દાળ, તેલ અને મસાલાના નામે કાગળ પર મોટી લેતી-દેતી બતાવીને ભ્રષ્ટાચારનો આંકડો રૂ. ૨૦૦૦ કરોડ સુધી પહોંચ્યો હોવાનું મનાય છે.

એન્ટિ કરપ્શન બ્યુરોએ જે ૨૧ લોકો સામે ગુનો નોંધ્યો છે, તેમાં આસિસ્ટન્ટ એકાઉન્ટ ઓફિસર, મેનેજરો, વેરહાઉસ કીપર અને તિરુપતિ સપ્લાયર્સ તથા જાગૃત એન્ટરપ્રાઈઝ જેવી ખાનગી પેઢીઓના માલિકોનો સમાવેશ થાય છે. આ ટોળકીએ ભેગા મળીને ગુનાઈત કાવતરું રચીને કોરોના સમયે જ ગરીબ બાળકોનો કોળિયો છીનવી લીધો હતો. નોંધનીય છે કે, આ કૌભાંડના પર્દાફાશ પછી રાજસ્થાનના રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. અગાઉની સરકારના સમયમાં થયેલા આ કૌભાંડમાં હજુ અનેક મોટા માથાના નામ બહાર આવે તેવી શક્યતા છે. હાલ નાણાકીય લેવડદેવડ અને નકલી દસ્તાવેજોની ઝીણવટભરી તપાસ ચાલી રહી છે.આખો દેશ કોરોના જેવી ભયાનક મહામારી સામે ઝઝૂમી રહ્યો હતો અને ગરીબ બાળકો માટે સરકારી ભોજન યોજના આશીર્વાદ સમાન હતી, ત્યારે રાજસ્થાનમાં ભ્રષ્ટાચારીઓએ આ તકનો લાભ ઉઠાવીને ૨૦૦૦ કરોડ રૂપિયાનું કૌભાંડ આચર્યુ હતું. રાજસ્થાન એન્ટિ કરપ્શન બ્યુરોએ આ મામલે ૨૧ વગદાર અધિકારી અને ખાનગી કંપનીઓ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## જમ્મુ-કાશ્મીરમાં દાલ તળાવ સહિતનાં જળાશયો થીજી ગયા

**। એજન્સી, શ્રીનગર, તા.૧૧ ।**

આજે ઉત્તર ભારતના રાજ્યોમાં શિયાળાની ઠંડી વધુ તીવ્ર બની હતી. જેના કારણે જમ્મુ-કાશ્મીરમાં દાલ તળાવ સહિતના જળાશયોનું પાણી થીજી ગયું હતું. દિલ્હી અને ઉત્તર પ્રદેશમાં પણ ઠંડીનો પારો વધુ ગગડયો હતો.હિમાચલ પ્રદેશનાં પણ મોટા ભાગના વિસ્તારોમાં શીત લહેરની સ્થિતિ ચાલુ રહી છે. અધિકારીના જણાવ્યા અનુસાર રાજ્યનાં ૧૩ જિલ્લાઓમાં તાપમાન શૂન્યથી નીચે અને ૪ જિલ્લાઓમાં શૂન્યથી નજીક નોંધવામાં આવ્યું હતું.જમ્મુ-કાશ્મીરમાં શ્રીનગર સહિત અનેક સ્થળોએ સિઝનની સૌથી ઠંડી રાતનો અનુભવ થયો હતો. રાજ્યમાં ઠંડીની પકડ મજબૂત બનતા મોટા ભાગના વિસ્તારોનાં લઘુતમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે.શ્રીનગરમાં લઘુતમ તાપમાન માઈનસ ૫.૧ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું હતું. શ્રીનગરમાં સિઝનની સૌથી ઠંડી રાત હતી અને લઘુતમ તાપમાન સામાન્યથી ૩.૨ ડિગ્રી ઓછું હતું.મધ્ય કાશ્મીરનાં ગાંદરબાલ જિલ્લામાં આવેલા સોનામાર્ગ ટુરિસ્ટ રિસોર્ટમાં માઈનસ ૯.૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું હતું. કાશ્મીરમાં ચિલ્લા એ કલાનનો પીરિયડ ચાલી રહ્યો છે. ઠંડીના ૪૦ દિવસોને ચિલ્લા એ કલાન તરીકે ઓળખવામાં આવે છે. આ ૪૦ દિવસમાં રાજ્યનાં મોટા ભાગનાં વિસ્તારોમાં તાપમાન શૂન્યથી નીચે રહે છે.

નોકરીમાં સીધી નિમણૂક મેળવવાનો કાયદેસરનો અધિકાર પ્રાપ્ત થતો નથી

# સરકારી કોલેજમાં અભ્યાસ કરવાથી સરકારી નોકરીનો અધિકાર ન મળે : સુપ્રીમ કોર્ટે રદ કર્યો હાઈકોર્ટનો ચુકાદો

**ન્યાયાધીશ રાજેશ બિંદલ અને મનમોહન સિંહની બેન્ચે અલ્હાબાદ હાઈકોર્ટના અગાઉના આદેશને ઉલટાવી દીધો છે, જેમાં હાઈકોર્ટે નર્સિંગના વિદ્યાર્થીઓને નોકરી આપવા સરકારને આદેશ કર્યો હતો**

**। એજન્સી, નવી દિલ્હી, તા.૧૧ ।**

સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે માત્ર સરકારી શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરવાથી કે ડિગ્રી મેળવવાથી કોઈ ઉમેદવારને સરકારી નોકરીમાં સીધી નિમણૂક મેળવવાનો કાયદેસરનો અધિકાર પ્રાપ્ત થતો નથી. ન્યાયાધીશ રાજેશ બિંદલ અને મનમોહન સિંહની બેન્ચે અલ્હાબાદ હાઈકોર્ટના અગાઉના આદેશને ઉલટાવી દીધો છે, જેમાં હાઈકોર્ટે નર્સિંગના વિદ્યાર્થીઓને નોકરી આપવા સરકારને આદેશ કર્યો હતો.અહેવાલો અનુસાર, ઉત્તર પ્રદેશમાં આયુર્વેદિક નર્સિંગ તાલીમ અભ્યાસક્રમમાં વર્ષોથી એવી પ્રથા હતી કે સરકારી સંસ્થામાં તાલીમ લેનારા તમામ (મર્યાદિત ૨૦ બેઠકો) ઉમેદવારોને સીધી સ્ટાફ નર્સ તરીકે નોકરી મળી જતી હતી. જોકે, ૨૦૧૧ પછી સરકારે આ નીતિ બદલી અને



ખાનગી સંસ્થાઓને પણ આ કોર્સ શરૂ કરવાની મંજૂરી આપી. જેના કારણે લાયક ઉમેદવારોની સંખ્યામાં મોટો ઉછાળો આવ્યો.

ભાવના મિશ્રા અને અન્ય વિદ્યાર્થીઓએ 'જૂની પ્રથા' મુજબ નોકરીની માંગ કરતા હાઈકોર્ટે તેમની તરફેણમાં ચુકાદો આપ્યો હતો, જેની સામે યુપી સરકાર સુપ્રીમ કોર્ટમાં પહોંચી હતી.સુપ્રીમ કોર્ટે નોકરીની માંગને નકારી કાઢતા જણાવ્યું હતું કે, 'સરકારી સંસ્થામાં નોંધણી કરાવવાથી સરકારી નોકરીમાં નિમણૂક થવાની અપેક્ષા રાખી શકાય નહીં, ખાસ કરીને જ્યારે ભરતીની નીતિમાં ફેરફાર થયો હોય.

અગાઉ માત્ર ૨૦ બેઠકો હતી ત્યારે સીધી ભરતી થતી હતી, પરંતુ હવે જ્યારે હજારો ઉમેદવારો લાયક છે, ત્યારે સરકાર જૂની પ્રથા ચાલુ રાખવા બંધાયેલી નથી.કોર્ટે સ્વીકાર્યું કે ખાનગી સંસ્થાઓના પ્રવેશ બાદ સ્પર્ધા વધી છે, તેથી સરકાર પોતાની કોલેજોના વિદ્યાર્થીઓને આપમેળે નિયુક્ત કરવાની પ્રથા બંધ કરવી એ વાજબી નિર્ણય છે. આ ચુકાદાથી હવે એ સ્પષ્ટ થઈ ગયું છે કે સરકારી સંસ્થાઓમાં ભણતા વિદ્યાર્થીઓ પણ સામાન્ય ભરતી પ્રક્રિયા કે સ્પર્ધાત્મક પરીક્ષામાંથી પસાર થયા વિના નોકરીનો દાવો કરી શકશે નહીં. સરકારી નોકરી માટે લાયકાત અને નિર્ધારિત પસંદગી પ્રક્રિયા જ સર્વોપરી રહેશે.સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે માત્ર સરકારી શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરવાથી કે ડિગ્રી મેળવવાથી કોઈ ઉમેદવારને સરકારી નોકરીમાં સીધી નિમણૂક મેળવવાનો કાયદેસરનો અધિકાર પ્રાપ્ત થતો નથી.

ઓડી કારના ચાલકે ભારે તબાહી મચાવી


## રાજસ્થાનના જયપુરમાં બેફામ કાર હંકારતા ચાલકે ૧૬ લોકોને કચડતાં અફરાતફરી

**। એજન્સી, જયપુર, તા.૧૧ ।**

રાજસ્થાનની રાજધાની જયપુરમાં શુક્રવારે રાત્રે એક હાઈ-સ્પીડ ઓડી કારન ચાલકે ભારે તબાહી મચાવી હતી. શહેરની પત્રકાર કોલોનીમાં થયેલા આ ભીષણ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત થયું છે, જ્યારે ૧૬ અન્ય લોકો ઘાયલ થયા છે. દારૂના નશામાં ધૂત કારચાલકે અનેક લારી-ગલ્લા અને લોકોને અડફેટે લીધા હતા, જેના કારણે ઘટનાસ્થળે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.આ ઘટના શુક્રવારે રાત્રે ૯:૩૦ વાગ્યે જયપુરની પત્રકાર કોલોનીમાં બની હતી. એક તેજ રફતાર ઓડી કાર પહેલા ડિવાઈડર સાથે અથડાઈ અને પછી બેકાબૂ થઈને રસ્તાની બાજુમાં ઉભેલી લારીઓ પર કહેર બનીને ત્રાટકી. કાર લગભગ ૩૦ મીટર સુધી લારીઓ અને ગલ્લાઓને કચડતી ચાલી ગઈ. આ ટક્કર એટલી જોરદાર હતી કે ૧૨થી વધુ લારી-ગલ્લા પલટી ગયા હતા, જ્યારે રસ્તાની બાજુમાં ઉભેલી અન્ય એક કાર પણ પલટી ગઈ હતી.

આ ભીષણ અકસ્માતમાં ૧૬ લોકો ઘાયલ થયા હતા. ઘટનાની જાણ થતાં જ મુહાના અને પત્રકાર કોલોની પોલીસ સ્ટેશનની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. સ્થાનિક લોકોની મદદથી તમામ ઘાયલોને તાત્કાલિક એમ્બ્યુલન્સ દ્વારા એસએમએસ અને જયપુરિયા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ડેપ્યુટી સીએમ પ્રેમચંદ બૈરવાના જણાવ્યા અનુસાર, આ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત થયું છે. ૧૨ ઘાયલોની સારવાર હાલમાં ચાલી રહી છે, જ્યારે ચાર લોકોને પ્રાથમિક સારવાર બાદ ઘરે મોકલી દેવામાં આવ્યા છે.મુહાના પોલીસ સ્ટેશનના એસએચઓ ગુરુ ભૂપેન્દ્ર સિંહે જણાવ્યું કે પ્રાથમિક તપાસમાં ઓડી કારની ઝડપ અત્યંત તેજ હોવાનું જણાયું છે અને કાર ચાલક નશામાં હોવાની પણ આશંકા છે. આ કાર દમણ અને દીવના રજિસ્ટ્રેશન નંબરવાળી છે અને તેમાં ત્રણ લોકો સવાર હતા, જેમાંથી પોલીસે બેની અટકાયત કરી છે.ઘટનાની ગંભીરતાને જોતા રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ જયપુર શહેર અને હોસ્પિટલના અધિકારીઓને જરૂરી નિર્દેશ આપ્યા છે.

## ન્યૂઝ બ્રિફ



### અયોધ્યામાં નોનવેજ પર સંપૂર્ણ પ્રતિબંધ : હવે ઓનલાઈન ડિલિવરી પર પણ લાગી રોક

**। એજન્સી, અયોધ્યા, તા.૧૧ ।**

ઉત્તર પ્રદેશની ધર્મનગરી અયોધ્યાની પવિત્રતા અને મર્યાદા જાળવી રાખવા માટે પ્રશાસને એક મોટો નિર્ણય લીધો છે. હવે અયોધ્યામાં માંસાહારના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવી દેવાયો છે. આ નવો પ્રતિબંધ માત્ર હોટલ, ઢાબા કે દુકાનો પૂરતો સીમિત નથી, પરંતુ ઓનલાઈન ફૂડ ડિલિવરી કંપનીઓ પર પણ લાગુ કરવામાં આવ્યો છે.સહાયક ખાદ્ય આયુક્ત દ્વારા જારી કરવામાં આવેલા આદેશ મુજબ, ૮ જાન્યુઆરીથી આ નિયમ અમલી બની ગયો છે. હવેથી રામ મંદિરના ૧૫ કિલોમીટરના વિસ્તારમાં તેમજ પંચકોસી પરિક્રમા માર્ગ પર માંસાહારી ભોજન નહીં મળે. જો હોટલ, હોમ-સ્ટે અને ઓનલાઈન પ્લેટફોર્મ પર નોનવેજ પીરસવા કે વેચવામાં આવશે, તો તેઓ સામે કડક કાર્યવાહી કરાશે. જો કોઈ પણ સંસ્થા કે કંપની આ નિયમનું ઉલ્લંઘન કરશે તો તેમનું લાયસન્સ તાત્કાલિક અસરથી રદ કરવાની ચેતવણી આપવામાં આવી છે.વહીવટીતંત્રને સતત એવી ફરિયાદો મળી રહી હતી કે, પરિક્રમા ક્ષેત્રમાં કેટલીક ઓનલાઈન ફૂડ સર્વિસ દ્વારા માંસાહારી ભોજનની સપ્લાય કરવામાં આવી રહી છે. આ ઉપરાંત કેટલાક હોમ-સ્ટે અને હોટલોમાં પ્રવાસીઓને ગુપ્ત રીતે દારૂ અને માસ પીરસવામાં આવતું હોવાની ફરિયાદો પણ સામે આવી હતી. ત્યારબાદ આ બાબતને ગંભીરતાથી લઈને તંત્રએ રામ પથ પર પહેલેથી જ અમલી દારૂ અને માંસના પ્રતિબંધને વધુ કડક બનાવ્યો છે. નિયમનું પાલન થાય તે માટે પ્રશાસન દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવશે અને કોઈપણ પ્રકારની બેદરકારી ચલાવી લેવામાં આવશે નહીં.

## ઈડીના દરોડામાં આઈ-પેક ઓફિસમાંથી મમતા ફાઈલો લઈ જતા રહેતા હોબાળો

**। એજન્સી, કોલકાતા, તા.૧૧ ।**

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ગુરુવારે અચાનક જ કથિત રીતે કરોડો રૂપિયાના કોલસા 'કૌભાંડ' કેસમાં કોલકાતામાં શાસક પક્ષ તૃણમૂલ કોંગ્રેસની પોલિટિકલ કન્સલટન્સી કંપની આઈ-પેકની ઓફિસ અને તેના ચેરમેન પ્રતિક જૈનના ઘર પર દરોડા પાડયા હતા. ઈડીની કાર્યવાહીથી ભડકેલા મુખ્યમંત્રી મમતા બેનરજીએ દરોડાને રાજકીય કાવતરું ગણાવ્યા હતા. એટલું જ નહીં મમતા બેનરજી પોતે આઈ-પેકની ઓફિસે પહોંચ્યા અને કેટલીક ફાઈલો લઈને જતા રહ્યા. તેમણે આ કાર્યવાહીને રાજકારણ પ્રેરીત ગણાવતા રાજકીય હોબાળો મચી ગયો છે. બીજીબાજુ ઈડી અને આઈ-પેક બંનેએ કલકત્તા હાઈકોર્ટમાં સામ-સામે અરજીઓ કરી છે.એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ગુરુવારે વહેલી સવારે ૭.૦૦ કલાકે અર્ધ લશ્કરી દળોની ટીમોની હાજરીમાં કોલકાતાના સોલ્ટ લેક ખાતે આઈપેકની ઓફિસ, તેના ડિરેક્ટર પ્રતીક જૈનના ઘર અને દિલ્હીમાં ચાર સ્થળો સહિત કુલ ૧૦ સ્થળો પર દરોડા પાડયા હતા. ઈન્ડિયન પોલિટિકલ એક્શન કમિટી (આઈ-પેક)ના સહ-સ્થાપક અને ડિરેક્ટર પ્રતીક જૈન વિરુદ્ધ પશ્ચિમ બંગાળમાં કોલસા 'કૌભાંડ' કેસમાં ચોક્કસ હવાલા ટ્રાન્ઝેક્શન્સ અને રોકડ સોદા કર્યાના ચોક્કસ પુરાવા હોવાના ઈડીના સૂત્રોએ દાવો કર્યો હતો.

## અમેરિકાના વાઈસ પ્રેસિડેન્ટ જે. ડી. વેન્સના ઘર પર હુમલો, શંકાસ્પદની અટકાયત

**। એજન્સી, વોશિંગ્ટન, તા.૧૧ ।**

અમેરિકાના ઉપપ્રમુખ જે ડી વેન્સના નિવાસ સ્થાન પર સોમવારે હુમલો થયો છે. હુમલામાં તેમના ઘરની બારીઓને નુકસાન પહોંચ્યું. ઘટના બાદ એક શંકાસ્પદની ધરપકડ કરવામાં આવી છે. સિનસિનાટી સ્થિત તેમના નિવાસ સ્થાન પર રાત્રિના ૧૨ વાગ્યાની આસપાસ હુમલો કરાયો. અમેરિકાના સ્થાનિક સમય અનુસાર યુએસ સિક્રેટ સર્વિસને હુમલા અંગે રાત્રિના ૧૨.૧૫ વાગ્યે સૂચના મળી. પોલીસે એક શંકાસ્પદ વ્યક્તિની અટકાયત કરી છે અને તપાસ કરવામાં આવી રહી છે. સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર ઘરની બારીઓમાં નુકસાન થયું છે.

## ૧૫ કરોડનું ડિજિટલ ફ્રોડ । યુએન માં નોકરી કરીને કમાયેલી જીવનભરની કમાણી દંપતીએ ગુમાવી

**। એજન્સી, નવી દિલ્હી, તા.૧૧ ।**

સાયબર ઠગાઈનો એક ખુબ જ ચોંકાવનારો કિસ્સો દિલ્હીના પોશ વિસ્તાર ગ્રેટર કૈલાશમાંથી સામે આવ્યો છે. જ્યાં એક વૃદ્ધ દંપતીને ડિજિટલ અરેસ્ટ કરીને કરોડો રૂપિયાની ઠગાઈ આચરવામાં આવી છે. ડૉ. ઓમ તનેજા અને તેમના પત્ની ડૉ. ઈન્દિરા તનેજા બંને સંયુક્ત રાષ્ટ્રમાં(યુએન) વર્ષો સુધી નોકરી કરી. અમેરિકામાં લાંબી કારકિર્દી બાદ તેઓ ૨૦૧૬માં ભારત પરત ફર્યા અને દિલ્હીમાં શાંતિમય જીવન પસાર કરી રહ્યા હતા. જોકે, હવે તેઓ ૧૫ દિવસમાં જ ૧૫ કરોડ રૂપિયા કરતા પણ વધારેની રકમ ગુમાવી ચૂક્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૪ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ આ વૃદ્ધ દંપત્તીને એક કોલ આવ્યો. ફોન કરનાર વ્યક્તિએ પોતાને દિલ્હી પોલીસના અધિકારી તરીકે ઓળખ આપી હતી. તે વ્યક્તિએ જણાવ્યું કે, તમારા આધારકાર્ડ સાથે લિંક થયેલા એક બેંક એકાઉન્ટનો ઉપયોગ મની લોન્ડ્રિંગ અને ડ્રગ ટ્રાફિકિંગ માટે થયો છે. તેની થોડી જ મિનિટો બાદ એક વીડિયો કોલ આવ્યો. સ્ક્રીન પર પોલીસની વર્દી પહેરીને બેઠેલો એક વ્યક્તિ, બેકગ્રાઉન્ડમાં દિલ્હી પોલીસનો લોગો અને ગંભીર ચહેરા વાળો કથિત અધિકારી અને ખેલ શરૂ થયો. સાયબર ઠગોએ ડૉક્ટર દંપત્તીને કહ્યું કે, તેઓ હવે ડિજિટલ એરેસ્ટ છે. ઘરની બહાર નીકળવાનું, કોઈને કોલ કરવો કે તેમનો વીડિયો કોલ કાપવો બધુ જ પ્રતિબંધિત છે અને તેને ગુનો ગણવામાં આવશે. તેમને સતત વીડિયો કોલ પર નજર બંધ રાખવામાં આવ્યા. આટલે જ આ બાબત અટકી નહીં.

## એઆઇથી નોકરી જતા ઇન્દોરમાં ઝવેરાતની દુકાનમાં લૂંટ ચલાવી

**। એજન્સી, ઇન્દોર, તા.૧૧ ।**

ઈન્દોરમા એક ઝવેરાતની દુકાન માંથી ચોરીની દિલચસ્પ ઘટના સામે આવી છે.આ દુકાનમાંથી ૧૬ લાખથી વધુ રકમના ઘરેણાની ચોરી કરવામાં આવી છે.આ ગુનામા પોલીસે ૧૮ વર્ષના ગ્રાફિક ડિઝાઈનર અને તેની મિત્રની ધરપકડ કરી છે.તેઓએ ફિલ્મ બન્ટી અને બબલી જોઈને આ ચોરીને અંજામ આપ્યો હતો.પોલીસે ચોરીના તમામ ઘરેણા જપ્ત કર્યા છે.રાઉ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૨૨ ડિસેમ્બરની રાત્રે એક દુકાનમાંથી સોના,ચાંદી અને હીરાના મળીને ૧૬.૧૭ લાખના ઘરેણાની ચોરી થઇ હતી. પોલીસે આ કેસમાં એક યુવક અને યુવતીની ધરપકડ કરી છે.ડીસીપી શ્રીકૃષ્ણ લાલચંદાનીએ કહ્યું કે બન્ને આરોપીની ઉંમર ૧૮ વર્ષ છે. છોકરો ગ્રાફિક ડિઝાઇનર છે અને છોકરી નીટની તૈયારી કરી રહી છે.તેઓ બાળપણથી એક બીજાને જાણે છે.ડીસીપીએ કહ્યું કે પૂછપરછ દરમિયાન છોકરાએ કહ્યું કે તે આઇટી કંપનીમા પાર્ટટાઈમ ગ્રાફિક ડિઝાઈનર હતો. કંપનીએ એઆઈ ટેકનોલોજી અપનાવતા તેની નોકરી ગઈ હતી. જેના પગલે આર્થિક ભીસમાં આવ્યો હતો. આરોપીઓએ જણાવ્યું હતુ કે હિન્દી ફિલ્મ બંટી ઔર બબલી જોઇને ચોરીની યોજના બનાવી હતી.

**૫૦૦ ટકા ટેરિફ લાદવાનો પ્રસ્તાવ** | ટ્રમ્પની ૫૦૦ ટકા ટેરિફની ચેતવણી પર ભારતની નજર : જયસ્વાલ । અમેરિકી દાવા ખોટા, મોદી-ટ્રમ્પની આઠ વખત વાત થઈ : ભારત

# સસ્તું ઓઈલ ખરીદવું એ પ્રાથમિકતા, નીતિ નહીં બદલીએ : ભારતનો અમેરિકાને જવાબ

**। એજન્સી, નવી દિલ્હી, તા.૧૧ ।**

અમેરિકાએ ભારત પર ૫૦૦ ટકા ટેરિફ લાદવાનો પ્રસ્તાવ મૂક્યો છે તેના અંગે ભારતના વિદેશ મંત્રાલયે સ્પષ્ટ જવાબ આપતા જણાવ્યું હતું કે ભારત તેની ઉર્જા સાથે જોડાયેલા નિર્ણય બજારની પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને લે છે અને ૧.૪ અબજ ભારતીયો માટે ઉર્જા સુરક્ષા સુનિશ્ચિત કરે છે. ઉલ્લેખનીય છે કે અમેરિકા ભારત પર પહેલા જ ૫૦ ટકા ટેરિફ લગાવી ચૂક્યું છે.

આમ છતાં ટ્રમ્પના ૫૦ ટકા ટેરિફ ભારતીય અર્થતંત્ર પર ખાસ પ્રભાવ પાડવામાં નિષ્ફળ ગયા છે. અમેરિકા હવે ભારત,ચીન અને બ્રાઝિલ જેવા દેશો પર ૫૦૦ ટકા ટેરિફ નાખવાની તૈયારી કરી રહ્યું છે. આ બિલને સેનેટર લિન્ડસે ગ્રેહામે રજૂ કર્યુ છે. અમેરિકન પ્રમુખ ટ્રમ્પે આ બિલને મંજૂરી આપી દીધી છે. અમેરિકાનું કહેવું છે કે ભારત રશિયન ઓઈલ ખરીદીને રશિયા-યુક્રેન યુદ્ધને ફંડિંગ કરી રહ્યું છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે આ અંગેની પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે તમે જે બિલની વાત કરી રહ્યા છો તે પ્રસ્તાવિત છે. અમે આ બિલ સાથેની વાત પર ચાંપતી નજર રાખી રહ્યા છીએ. આ ઉપરાંત તેમણે અમેરિકન વાણિજ્ય પ્રધાન લુટનિકના દાવાને પણ ખોટો ગણાવ્યો હતો. હોવર્ડ લુટનિકે જણાવ્યું હતું કે ભારત-અમેરિકા ટ્રેડ ડીલ એટલા માટે ન થયું કેમકે વડાપ્રધાન મોદીએ પ્રેસિડેન્ટ ટ્રમ્પને ફોન કર્યો ન હતો.લુટનિકે ત્યા સુધી દાવો કર્યો હતો કે




ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ તૈયાર જ થઈ ગયું છે, તેમનું કહેવું હતું કે જો પીએમ મોદીએ ટ્રમ્પ સાથે વાત કરી લીધી હોત તો આ ટ્રેડ ડીલ અત્યારે થઈ ગયું હોત. તેના જવાબમાં રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે ૨૦૨૫માં પીએમ મોદી અને અમેરિકન પ્રમુખ ટ્રમ્પ વચ્ચે વાતચીત થઈ હતી. એક સમયે અમેરિકાએ ૫૦ ટકા ટેરિફ લાદ્યા પછી મંત્રણા પડી ભાંગી હતી. તેના પછી ભારતે નહી પણ અમેરિકન પ્રમુખ ટ્રમ્પે પોતે પીએમ મોદીને બર્થડે વિશ કરીને તેમની સાથે વાતચીત કરી ફરીથી મંત્રણા શરૂ થઈ હતી. તેના પછી બંને વચ્ચે ડિસેમ્બરમાં વાત થઈ હતી અને તેમા વ્યાપક ભાગીદારીના વિવિધ પાસા પર ચર્ચા થઈ હતી.

મંત્રણાના લગભગ મહત્તના પાસા

તેમણે જણાવ્યું હતું કે ભારત અને અમેરિકા જ ગયા વર્ષે ૧૩ ફેબ્રુઆરીથી દ્વિપક્ષીય વેપાર સમજૂતી કરવા પ્રતિબદ્ધ હતા. બંને પક્ષ એક સંતુલત અને ફાયદાકારક વ્યાપાર સમજૂતી પર પહોંચવા માટે કેટલાય તબક્કાની મંત્રણા કરી છે. કેટલાય પ્રસંગે કરાર કરવાની નજીક પહોંચી ગયા હતા. તેથી લુટનિક જે વાત કહે છે તે વાતમાં કોઈ સત્ય નથી.

# 'ઈરાનના તહેરાનમાં અંધાધૂંધ ગોળીબારમાં ૨૧૭ દેખાવકારોના મોત । ડોક્ટરનો ચોંકાવનારો દાવો





તહેરાન : ઈરાનમાં ઈસ્લામિક શાસન વિરુદ્ધ ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોએ હવે વિકરાળ રૂપ ધારણ કરી લીધું છે. ઈરાની સરકારના નિર્દેશ પર સુરક્ષાદળો દ્વારા ઘણી જગ્યાએ ગોળીબાર કરવામાં આવી રહ્યો હોવાની વાતો સામે આવી રહી છે. ટાઈમ મેગેઝિન સાથેની વાતચીતમાં, એક ઈરાની ડોક્ટરે પોતાની ઓળખ ગુપ્ત રાખવાની શરતે દાવો કર્યો છે કે માત્ર રાજધાની તેહરાનની છ હોસ્પિટલોમાં જ ઓછામાં ઓછા ૨૧૭ પ્રદર્શનકારીઓના મોત નોંધાયા છે, જેમાંથી મોટાભાગના ગોળીબારમાં માર્યા ગયા છે. જોકે, ટાઈમ મેગેઝિને આ આંકડાઓની સ્વતંત્ર રીતે પુષ્ટિ કરી નથી.જો આ મૃત્યુઆંક સાચો હોય તો, તે ઈરાનમાં સરકાર વિરોધી પ્રદર્શનોના ભયાનક દમન તરફ ઈશારો કરે છે. આ વિરોધ પ્રદર્શનો ૨૮ ડિસેમ્બરથી આર્થિક સંકટ સામે શરૂ થયા હતા, પરંતુ હવે તે ઈરાનના તમામ ૩૧ પ્રાંતોમાં ફેલાઈ ચૂક્યા છે અને ઈસ્લામિક શાસનને ઉખાડી ફેંકવાની માંગ કરી રહ્યા છે. પ્રદર્શનકારીઓ 'આઝાદી' અને 'તાનાશાહ મુર્દાબાદ' જેવા નારા લગાવી રહ્યા છે.ઈરાની ડોક્ટરે દાવો કર્યો કે, ''જેમ-જેમ પ્રદર્શનો તીવ્ર બન્યા, ઘણા વિસ્તારોમાં સુરક્ષાદળોએ પ્રદર્શનકારીઓ પર સીધી ગોળીઓ ચલાવી. શુક્રવારે હોસ્પિટલોમાંથી મૃતદેહોને હટાવવામાં આવ્યા. મરનારાઓમાં મોટાભાગના યુવાનો હતા. ઉત્તરી તેહરાનના એક પોલીસ સ્ટેશનની બહાર મશીનગનથી થયેલા ફાયરિંગમાં ઘણા પ્રદર્શનકારીઓ ઘટનાસ્થળે જ માર્યા ગયા.''

## બોક્સ ઓફિસ કલેક્શનની રીતે દીપિકા સૌથી ટોચ પર



। એજન્સી, મુંબઇ, તા.૧૧ ।

ટોટલ બોક્સ ઓફિસ કલેક્શનની રીતે દીપિકા પાદુકોણ બોલિવુડની ટોચની અભિનેત્રી હોવાનું એક લિસ્ટમાં દર્શાવાયું છે. દીપિકાની ૨૭ ફિલ્મોએ કુલ ૩૨૦૧ કરોડની કમાણી કરી છે. કેટરિના કૈફે અત્યાર સુધીમાં ૩૪ ફિલ્મોમાં કામ કર્યું છે અને તેની ફિલ્મોએ રૂ. ૩,૧૩૦ કરોડથી વધુ કમાણી કરી છે. ત્રીજા નંબર પર કરીના કપૂર અને ચોથા નંબર પર રશ્મિકા મંદાના છે. અનુક્રમે કરીનાએ ૫૧ ફિલ્મો કરીને રૂ. ૨,૬૭૧ કરોડ બોક્સ ઓફિસ પર ઠાલવ્યા છે. રશ્મિની ૧૧ ફિલ્માનું કુલ કલેકશન રૂ. ૨,૩૪૮ રહ્યું છે. શ્રદ્ધા કપૂર ૧૯ ફિલ્મો અને ૧૯૩૮ કરોડ સાથે પાંચમે, આલિયા ભટ્ટ ૧૭ ફિલ્મો અને ૧૮૩૦ કરોડ સાથે છઠ્ઠા નંબરે છે. સાતમા નંબરે પ્રિયંકા ચોપરાની ૪૧ ફિલ્મોએ ૧,૬૦૩ કરોડ, આઠમા નંબરે અનુષ્કા શર્મા ની૧૫ ફિલ્મો એ ૧,૫૩૯ કરોડ, જેકલીન ફર્નાન્ડિઝ ની ૨૧ ફિલ્માએ રૂ. ૧,૪૮૨ કરોડ અને સોનાક્ષી સિંહાની ૨૫ ફિલ્મોએ રૂ. ૧,૩૧૬ કરોડનું કલેકશન મેળવ્યું છે. ટોટલ બોક્સ ઓફિસ કલેક્શનની રીતે દીપિકા પાદુકોણ બોલિવુડની ટોચની અભિનેત્રી હોવાનું એક લિસ્ટમાં દર્શાવાયું છે. દીપિકાની ૨૭ ફિલ્મોએ કુલ ૩૨૦૧ કરોડની કમાણી કરી છે.

### આર્થિક સંકટના નામે ઈરાનમાં શરૂ થયેલું આંદોલન સતત ઉગ્ર રૂપ ધારણ કરી રહ્યું છે

## ઈરાનમાં આગામી ૭૨ કલાક 'ભારે'! ઠેર ઠેર હિંસા વચ્ચે ટ્રમ્પે કહ્યું- અમે સ્વતંત્રતા અપાવવા તૈયાર

**તેહરાન, તબરેઝ, મશહદ સહિતના ૧૦૦ શહેરોમાં ઉગ્ર હિંસા થઈ રહી છે । બીજી તરફ સુપ્રીમ લીડર આયાતોલ્લાહ ખામેનેઈએ આ આંદોલન પાછળ વિદેશી શક્તિઓનો હાથ હોવાનો આરોપ લગાવ્યો**

। એજન્સી, તેહરાન, તા.૧૦ ।

આર્થિક સંકટના નામે ઈરાનમાં શરૂ થયેલું આંદોલન સતત ઉગ્ર રૂપ ધારણ કરી રહ્યું છે. મોંઘવારી અને બેરોજગારી મુદ્દે શરૂ થયેલા આંદોલનમાં હવે સુપ્રીમ લીડર આયાતોલ્લાહ ખામેનેઈને પદથી હટાવવા માંગ કરવામાં આવી રહી છે. એવામાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે અમેરિકા ઈરાનને 'સ્વતંત્રતા' અપાવવા મદદ માટે તૈયાર છે. ઈરાનમાં ઠેર ઠેર વિવિધ શહેરોમાં થઈ રહેલા દેખાવોમાં અનેક લોકોના મોતની પણ આશંકા છે. સ્થિતિ પર કાબૂ મેળવવા માટે સાતમી જાન્યુઆરીથી ઈન્ટરનેટ અને મોબાઈલ સેવાઓ પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. તેહરાન, તબરેઝ, મશહદ સહિતના ૧૦૦ શહેરોમાં ઉગ્ર હિંસા થઈ રહી છે. બીજી તરફ સુપ્રીમ લીડર આયાતોલ્લાહ ખામેનેઈએ આ આંદોલન પાછળ વિદેશી શક્તિઓનો હાથ હોવાનો આરોપ લગાવ્યો છે. ઈરાનની સરકારે ચેતવણી આપી છે કે આંદોલનમાં સામેલ લોકો 'ઈશ્વરના દુશ્મન' છે અને તેમને મોતની સજા પણ આપવામાં આવી શકે છે.

અમેરિકા પણ ઈરાનના આંદોલનને સતત સમર્થન આપી રહ્યું છે. હાલમાં જ




અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ આંદોલનકારીઓને સમર્થન આપવાની જાહેરાત કરી હતી. એવામાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી ઈરાનની સરકારને ચેતવણી આપી છે. ટ્રમ્પે કહ્યું છે, કે સત્તા પરિવર્તનમાં અમેરિકા મદદ કરશે, ઈરાનને 'સ્વતંત્ર' કરાવવા માટે અમે તૈયાર છીએ.

ઈરાનના પૂર્વ રાજકુમાર રઝા પહેલવીએ અપીલ કરી છે કે લોકોએ હવે શહેરના મુખ્ય સ્થળો પર કબજો કરી લેવો જોઈએ. પહેલવીએ શનિવારે કહ્યું, કે આપણું લક્ષ્ય માત્ર રસ્તા પર ઊતરવું નથી. શહેરોના પ્રમુખ કેન્દ્રો પર કબજો કરી લો. દેશભરમાં મોટી સંખ્યામાં આંદોલન તેજ કરવું જોઈએ તેથી વર્તમાન સત્તાધીશો પર દબાણ વધારી શકાય. અર્થવ્યવસ્થા સાથે જોડાયેલા કર્મચારીઓએ હડતાળ પર ઉતરી જવું જોઈએ. ટ્રાન્સપોર્ટ, ઓઈલ, ગેસ સહિતના સેક્ટરના કર્મચારી કામ બંધ કરી દેશે તો સરકાર ઘૂંટણીયે આવી જશે. પહેલવીએ આંતરરાષ્ટ્રીય સમર્થનની પણ માંગ કરી છે. તથા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને હસ્તક્ષેપ કરવાની અપીલ કરી છે. ઠેર ઠેર ફેલાયેલી હિંસાના કારણે ઈરાનમાં શાળા અને કોલેજો પણ બંધ છે, શિક્ષણ ઓનલાઈન જ આપવામાં આવી રહ્યું છે. ઈરાનની સરકારી ટીવી ચેનલમાં આંદોલન કરી રહેલા લોકોને આતંકવાદી કહીને સંબોધિત કરવામાં આવી રહ્યા છે.

**મને કોઈ કાયદો લાગતો નથી, ટ્રમ્પ જ ટ્રમ્પનું માનશે : તુમાખીની ચરમસીમા**


## હવે મેક્સિકોના ડ્રગ કાર્ટેલનો કચ્ચરઘાણ કાઢીશ : અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ

**અમેરિકા વિના નાટોનું અસ્તિત્વ નથી, મેં મદદ ના કરી હોત તો રશિયાએ યુક્રેન પર ઘણા સમય પહેલા કબજો કરી લીધો હોત**

। એજન્સી, વોશિંગ્ટન, તા. ૧૧ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વેનેઝુએલા પર હુમલો કર્યા પછી બેફામ બન્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પે બીજા કાર્યકાળમાં પ્રમુખપદ સંભાળ્યાને એક વર્ષ પૂરું થવા આવ્યું છે ત્યારે દુનિયાના દેશો પર ટેરિફ નાંખી ટ્રેડ વોર શરૂ કરનારા ટ્રમ્પ હવે ગ્રીનલેન્ડ, મેક્સિકો, કોલંબિયાથી લઈને ઈરાન સુધીના દેશોને સૈન્ય કાર્યવાહીની ધમકી આપી રહ્યા છે. આવા સમયે ટ્રમ્પે અત્યંત તુમાખીપૂર્ણ ભાષામાં સ્પષ્ટ કહ્યું કે તેમને કોઈ આંતરરાષ્ટ્રીય કાયદાની પડી નથી. આ દુનિયામાં મને માત્ર એક જ વ્યક્તિ રોકી શકે છે અને તે હું પોતે જ છું. આ સાથે ટ્રમ્પે વેનેઝુએલા પછી હવે મેક્સિકો પર હુમલાની ચેતવણી આપી છે અને ગ્રીનલેન્ડને ખરીદવાની ઓફર કરી છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને બીજા કાર્યકાળમાં પ્રમુખપદે સત્તા પર આવ્યાને એક વર્ષ પૂરું થવા આવ્યું છે ત્યારે તેમણે ન્યૂયોર્ક ટાઈમ્સને આપેલી એક મુલાકાતમાં દુનિયામાં વર્તમાન સ્થિતિ અને ગ્રીનલેન્ડ, મેક્સિકો, કોલંબિયા, ઈરાન સહિતના દેશો માટેની તેમની યોજનાઓ અંગે સ્પષ્ટ વાત કરી હતી. ટ્રમ્પે વેનેઝુએલા પર હુમલા અને પ્રમુખ નાદુરો તથા તેમના પત્નીના અપહરણની અમેરિકન સૈન્ય કાર્યવાહીની પ્રશંસા કરી હતી.આ સાથે ટ્રમ્પે દુનિયાને ચેતવણી આપતા સૂરમાં કહ્યું કે, અમેરિકા અત્યારે જે પગલાં લઈ રહ્યું છે તે માત્ર ડોનાલ્ડ ટ્રમ્પ જ ઉઠાવી શકે છે. અમેરિકન પ્રમુખ તરીકે વૈશ્વિક તાકાત મળે છે અને તેની કોઈ મર્યાદા નથી. આ દુનિયામાં ટ્રમ્પને માત્ર એક જ વ્યક્તિ રોકી શકે છે અને તે છે ટ્રમ્પ પોતે. મને માત્ર મારી નૈતિક્તા અને મારું મગજ જ રોકી શકે છે. મને કોઈ આંતરરાષ્ટ્રીય કાયદાની જરૂર નથી. જોકે, આ સાથે તેમણે એ બાબત પર ભાર મૂક્યો કે તેઓ લોકોને નુકસાન પહોંડી રહ્યા નથી. આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન કરવા અંગે પૂછવામાં આવતા પ્રમુખ ટ્રમ્પે સ્વીકાર્યું કે તેમની સરકારે 'કાયદા' માનવા જોઈએ, પરંતુ આંતરરાષ્ટ્રીય કાયદાની વ્યાખ્યા કેવી રીતે પરિભાષિત કરો છો તેના પર તે બાબત નિર્ભર છે તેમ પણ ટ્રમ્પે કહ્યું હતું. તેમણે સ્પષ્ટ સંકેત આપ્યા કે અમેરિકાને કોઈ આંતરરાષ્ટ્રીય કાયદાની જરૂર નથી. આંતરરાષ્ટ્રીય કાયદાનો ભંગ કરવાના સંજોગોમાં અમેરિકા પર કેવા પ્રતિબંધો મુકાય તેનો નિર્ણય તે જ કરી શકે.

## મહારાણી અહિલ્યાબાઈની બાયોપિક માટે હોડમાં અનુષ્કા શેટ્ટી મોખરે



। એજન્સી, મુંબઈ, તા.૧૧ ।

મહારાણી અહિલ્યાબાઈ હોલકરની બાયોપિક બની રહી છે. તેમાં અહિલ્યાબાઈની મુખ્ય ભૂમિકાની હોડમાં હાલ અનુષ્કા શેટ્ટી મોખરે હોવાનું કહેવાય છે. આ રોલ માટે અગાઉ દીપિકા પાદુકોણ તથા પ્રિયંકા ચોપરા સહિતના નામો વિચારાયાં હતાં. પરંતુ, હવે ફિલ્મ સર્જક દેવ મનોરિયાએ કન્ફર્મ કર્યું છે કે તેઓ અનુષ્કા શેટ્ટીના સંપર્કમાં છે. ફિલ્મની બાકીની કાસ્ટની જાહેરાત પણ ટૂંક સમયમાં કરવામાં આવશે. દેવ મનોરિયા પોતે ફિલ્મમાં મહારાણીના પતિ ખંડેરાવ હોલ્કરનું પાત્ર ભજવશે. ફિલ્મનું શૂટિંગ યુપી તથા એમપીના અનેક વિસ્તારોમાં થશે. મહારાણી અહિલ્યાબાઈ હોલકરની બાયોપિક બની રહી છે. તેમાં અહિલ્યાબાઈની મુખ્ય ભૂમિકાની હોડમાં હાલ અનુષ્કા શેટ્ટી મોખરે હોવાનું કહેવાય છે. આ રોલ માટે અગાઉ દીપિકા પાદુકોણ તથા પ્રિયંકા ચોપરા સહિતના નામો વિચારાયાં હતાં. પરંતુ, હવે ફિલ્મ સર્જક દેવ મનોરિયાએ કન્ફર્મ કર્યું છે કે તેઓ અનુષ્કા શેટ્ટીના સંપર્કમાં છે. ફિલ્મની બાકીની કાસ્ટની જાહેરાત પણ ટૂંક સમયમાં કરવામાં આવશે. દેવ મનોરિયા પોતે ફિલ્મમાં મહારાણીના પતિ ખંડેરાવ હોલ્કરનું પાત્ર ભજવશે. ફિલ્મનું શૂટિંગ યુપી તથા એમપીના અનેક વિસ્તારોમાં થશે. મહારાણી અહિલ્યાબાઈ હોલકરની બાયોપિક બની રહી છે. તેમાં અહિલ્યાબાઈની મુખ્ય ભૂમિકાની હોડમાં હાલ અનુષ્કા શેટ્ટી મોખરે હોવાનું કહેવાય છે.

## મિનીયાપોલિસમાં ઈમિગ્રેશન અધિકારીએ ગોળી મારીને મહિલાની હત્યા કરતાં હોબાળો

। એજન્સી, મિનીયાપોલિસ , ૧૧ ।

મિનેસોટા રાજ્યના મિનીયાપોલિસમાં ૩૭ વર્ષની મહિલા રેની નિકોલ ગુડ કાર ચલાવીને ઘરે જતી હતી. ઈમિગ્રેશન વિભાગના અધિકારીએ તેને અકારણ રોકી હતી. તેણે કારને આગળ જવા દેતાં ઈમિગ્રેશન અધિકારીએ ગોળી મારીને તેની હત્યા કરી દીધી હતી. આ ઘટનાના પગલે રાજ્યમાં હોબાળો મચી ગયો હતો. હજારો લોકોએ વિરોધ પ્રદર્શનો કર્યા હતા. ભીડને વિખેરવા માટે પોલીસે ટીઅર ગેસ છોડયો હતો. ઈમિગ્રેશન વિભાગે બચાવ કર્યો હતો કે અધિકારીએ આત્મરક્ષણમાં ગોળી ચલાવી હતી.મિનીયાપોલિસમાં ૩૭ વર્ષની મહિલા રેની નિકોલ ગુડ ઘરે જઈ રહી હતી. તે ઘરની સાવ નજીક પહોંચી ગઈ હતી ત્યારે જ ઈમિગ્રેશન અધિકારીએ તેને રોકી હતી. એ ઘટનાનો વીડિયો સામે આવ્યો છે એ પ્રમાણે મહિલા સાથે ઈમિગ્રેશન અધિકારીએ કશીક વાત કરી હતી. એનો જવાબ આપીને મહિલાએ કાર આગળ ચલાવી હતી કે તરત જ ઈમિગ્રેશન અધિકારીએ મહિલા પર ગોળી ચલાવી દીધી હતી. મહિલાનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. લોહીથી ખરડાયેલી કારનો વીડિયો સામે આવ્યો પછી લોકોમાં આક્રોશ ફેલાયો હતો.મિનીયાપોલિસ સહિત આખાય મિનેસોટા રાજ્યમાં હજારો લોકો ટ્રમ્પ મસ્ટ ગો નાઉના નારા સાથે મહિલાનો ફોટો હાથમાં લઈને રસ્તા પર ઉતરી ગયા હતા.

## પાકિસ્તાનના ખૈબરપખ્તુનવામાં લોટની ભારે અછત : બેકરીઓએ શટર્સ ડાઉન કર્યા । ખૈબરપખ્તુનવા પ્રાંતમાં લોટ જ પહોંચતો નથી

। એજન્સી, પેશાવર, તા.૧૧ ।

પૂર્વે સરહદ પ્રાંત કહેવાતા ખૈબરપખ્તુનવા પ્રાંતમાં લોટની ભારે અછત ઉભી થતાં બેકરીઓએ શટર્સ ડાઉન કરી નાખ્યાં છે. 'એક્સપ્રેસ ટ્રિબ્યુન' આ માહિતી આપતાં જણાવે છે કે, ખૈબરપખ્તુનવા પ્રાંતમાં લોટ જ પહોંચતો નથી, તેથી બેકરીવાળાઓ આર્થિક રીતે ખતમ થઈ ગયા છે. ખૈબરપખ્તુનવા નનવાઈ એસોસિએશનના અધ્યક્ષ ગુલ મોહમ્મદ અને સંયુક્ત સચિવ જહાંઝેબેયા માટે વહીવટી ક્ષતિઓને કારણભૂત ગણાવતાં કહ્યું હતું કે, 'પંજાબમાંથી જ ખૈબરપખ્તુનવામાં લોટ આવવા દેવામાં આવતો નથી જે તદ્દન ગેરકાયદે છે' તેટલું જ નહીં પરંતુ જે કંઈ લોટ અહીં છે, તેની કિંમતમાં અસામાન્ય વધારો થઈ ગયો છે. તે કેટલો છે તે જાણવું છે ? ૧૦ કીલોના રૂા. ૧૭૦૦ પરિણામે નબળી પડી ગયેલી માર્કેટ ઉપર તે કુઠારાઘાત સમાન છે.આ અગ્રીમ વ્યાપારીઓએ કહ્યું હતું કે, એક તરફ ભારે ફુગાવો થઈ રહ્યો છે, પાવર શોર્ટેજ ઘર કરી ગઈ છે તેમાં સ્થાનિક અધિકારીઓની 'દાદાગીરી' ચાલે છે. આ બધું તંદુર ધરાવનારાઓ માટે અસહ્ય બની રહ્યું છે તેથી અમે ધંધો જ બંધ કરી દીધો છે.: પૂર્વે સરહદ પ્રાંત કહેવાતા ખૈબરપખ્તુનવા પ્રાંતમાં લોટની ભારે અછત ઉભી થતાં બેકરીઓએ શટર્સ ડાઉન કરી નાખ્યાં છે. 'એક્સપ્રેસ ટ્રિબ્યુન' આ માહિતી આપતાં જણાવે છે કે, ખૈબરપખ્તુનવા પ્રાંતમાં લોટ જ પહોંચતો નથી, તેથી બેકરીવાળાઓ આર્થિક રીતે ખતમ થઈ ગયા છે. ખૈબરપખ્તુનવા નનવાઈ એસોસિએશનના અધ્યક્ષ ગુલ મોહમ્મદ અને સંયુક્ત સચિવ જહાંઝેબેયા માટે વહીવટી ક્ષતિઓને કારણભૂત ગણાવતાં કહ્યું હતું કે, 'પંજાબમાંથી જ ખૈબરપખ્તુનવામાં લોટ આવવા દેવામાં આવતો નથી.

**વૈશ્વિક સ્તરે ભારે ચર્ચા** | **અમે ગ્રીનલેન્ડના મુદ્દે ચોક્કસપણે પગલાં ભરીશું, પછી ભલે અન્ય દેશોને તે ગમે કે ન ગમે**

## પ્રેમથી માની જાઓ તો સારું, નહીંતર : વધુ એક દેશને અમેરિકાના ટ્રમ્પની ધમકી

। એજન્સી, વોશિંગ્ટન, તા.૧૧ ।

ગ્રીનલેન્ડના મુદ્દે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના તાજેતરના નિવેદને વૈશ્વિક સ્તરે ભારે ચર્ચા જગાવી છે. ટ્રમ્પે મક્કમતાપૂર્વક જણાવ્યું છે કે તેઓ હવે આ મામલે સહેજ પણ પીછેહઠ કરવા તૈયાર નથી. તેમની આ ચેતવણી સ્પષ્ટ સંકેત આપે છે કે ગ્રીનલેન્ડ પર નિયંત્રણ મેળવવા માટે અમેરિકા કોઈપણ માર્ગ અપનાવી શકે છે-પછી ભલે તે સમજાવટનો હોય કે બળજબરીનો. યુરોપીય દેશોને સંબોધતા ટ્રમ્પે કહ્યું કે, 'અમે ગ્રીનલેન્ડના મુદ્દે ચોક્કસપણે પગલાં ભરીશું, પછી ભલે અન્ય દેશોને તે ગમે કે ન ગમે. ટ્રમ્પના મતે, જો અમેરિકા ગ્રીનલેન્ડ પર નિયંત્રણ નહીં



મેળવે, તો રશિયા અથવા ચીન તેના પર કબજો કરી લેશે. અમેરિકા કોઈપણ સંજોગોમાં આ ગ્રીનલેન્ડને રશિયા કે ચીનના હાથમાં જવા દેવા માંગતું નથી.


વ્હાઈટ હાઉસમાં બેઠક દરમિયાન ટ્રમ્પે કહ્યું, 'હું ગ્રીનલેન્ડ અંગે સમજૂતી દ્વારા સરળ રસ્તો અપનાવવા માંગુ છું. પરંતુ જો તેમ નહીં થાય, તો અમે મુશ્કેલ રસ્તો અપનાવતા પણ અચકાઈશું નહીં. જ્યારે કોઈ વસ્તુ અમારી સુરક્ષા માટે જરૂરી હોય, ત્યારે અમે તેની રક્ષા કરીએ છીએ.' ટ્રમ્પના આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે ડેનમાર્ક કે ગ્રીનલેન્ડના લોકોની સહમતી હોય કે ન હોય, અમેરિકા ત્યાં પોતાનું વર્ચસ્વ સ્થાપવા મક્કમ છે.અમેરિકા માટે ગ્રીનલેન્ડનું મહત્ત્વ માત્ર એક ભૌગોલિક ટાપુ પૂરતું મર્યાદિત નથી, પરંતુ તે વ્યૂહાત્મક અને આર્થિક દ્રષ્ટિએ અત્યંત નિર્ણાયક છે. આર્કટિક ક્ષેત્રમાં સ્થિત ગ્રીનલેન્ડ ખનીજ સંપત્તિનો અખૂટ ભંડાર ધરાવે છે, જેમાં સોનું, હીરા અને ખાસ કરીને આધુનિક ટેકનોલોજી માટે અનિવાર્ય એવા 'રેર અર્થ મેટલ્સ'નો સમાવેશ થાય છે. આ સંસાધનો પર નિયંત્રણ મેળવવું એ અમેરિકાના આર્થિક ભવિષ્ય માટે મહત્ત્વનું છે. તેમજ આર્કટિકમાં રશિયા અને ચીનની સતત વધી રહેલી સૈન્ય ગતિવિધિઓ અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા માટે પડકારરૂપ બની રહી છે. ઉત્તર અમેરિકાની રક્ષા માટે ગ્રીનલેન્ડ એક અભેદ્ય કિલ્લા સમાન વ્યૂહાત્મક સ્થાન ધરાવે છે, જેના પર નિયંત્રણ હોવું અમેરિકા માટે અનિવાર્ય છે જેથી તે આ ક્ષેત્રમાં પોતાની પકડ મજબૂત રાખી શકે અને પ્રતિસ્પર્ધી દેશોના પ્રભાવને રોકી શકે.ડોનાલ્ડ ટ્રમ્પના આક્રમક નિવેદન સામે ડેનમાર્કે અત્યંત કડક વલણ અપનાવતા યુદ્ધ જેવી સ્થિતિના સંકેત આપ્યા છે. ડેનમાર્કના પીએમ મેટ ફેડરિકસને ચેતવણી આપતા કહ્યું છે કે, 'ગ્રીનલેન્ડ પર કોઈપણ પ્રકારનું સૈન્ય આક્રમણ ભયાનક 'સર્વનાશ'ને નોતરૂ આપશે.'

**ઈરાનની સંસદના સ્પીકરની અમેરિકા-ઈઝરાયલને ધમકી** | **વોશિંગ્ટન ઈરાન પર કોઈ પણ પ્રકારનો હુમલો કરશે, તો અમેરિકા અને ઈઝરાયલ બંને અમારા માટે 'કાયદેસરના નિશાન' બની જશે**

## ટ્રમ્પની ધમકી બાદ ઈરાનનો જવાબ : અમેરિકાના સૈન્ય ઠેકાણા અને જહાજ ઉડાવી નાંખીશું

। એજન્સી, તહેરાન, તા.૧૧ ।

ઈરાનમાં સત્તાધીશો વિરુદ્ધ થઈ રહેલા આંદોલનની વચ્ચે અમેરિકા અને ઈરાનના સંબંધો પણ વણસી રહ્યા છે. અમેરિકા વારંવાર ઈરાનના આંદોલનકારીઓનું સમર્થન કરી રહ્યું છે. ઈરાન પર હુમલાની પણ ધમકી આપવામાં આવી છે. એવામાં ઈરાનની સંસદના સ્પીકરે અમેરિકાને ચેતવણી આપી છે કે અમેરિકા હુમલો કરશે તો ઈરાન ચૂપ નહીં બેસે. ઈઝરાયલથી માંડીને મિડલ ઈસ્ટમાં સ્થિત અમેરિકાના સૈન્ય ઠેકાણા પર હુમલા કરવામાં આવશે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા આપવામાં આવેલી સૈન્ય કાર્યવાહીની ધમકી બાદ ઈરાને જવાબ આપ્યો છે. ઈરાની સંસદના સ્પીકર મોહમ્મદ બાગેર ગાલિબાફે ગંભીર ચેતવણી આપતા જણાવ્યું છે કે, જો વોશિંગ્ટન ઈરાન પર કોઈ પણ પ્રકારનો હુમલો કરશે, તો અમેરિકા અને ઈઝરાયલ બંને અમારા માટે 'કાયદેસરના નિશાન' બની જશે.આ દરમિયાન ઈરાની સાંસદોએ ડાયસ પાસે ધસી જઈને 'અમેરિકા મુર્દાબાદ'ના નારા લગાવ્યા હતા. ગાલિબાફે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, 'જો અમેરિકા લશ્કરી હુમલો કરશે, તો અમેરિકા અને ઈઝરાયલ




તેમના સૈન્ય મથકો, જહાજોને નિશાન બનાવશે.'ગાલિબાફે ટ્રમ્પને 'ભ્રમિત' ગણાવતા કહ્યું કે, ઈરાન માત્ર હુમલા બાદ પ્રતિક્રિયા આપવા સુધી મર્યાદિત નહીં રહે. તમે કોઈ જ ખોટી ગણતરી ના કરતા. ઈરાન પર હુમલાની સ્થિતિમાં આ પ્રદેશમાં આવેલા તમામ અમેરિકન સૈન્ય મથકો, બેઝ અને જહાજો સુરક્ષિત નહીં રહે. નોંધનીય છે કે, ઈરાનમાં એવા સમયે આંતરરાષ્ટ્રીય તણાવ સર્જાયો છે, જ્યારે ઈરાનમાં આંતરિક અશાંતિ પણ ચરમસીમાએ છે. ઈરાનમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોમાં અત્યાર સુધીમાં અંદાજે ૧૧૬ લોકોના મોત થયા છે, જ્યારે ૨,૬૦૦થી વધુની અટકાયત કરાઈ છે.ઈરાનમાં સત્તાધીશો વિરુદ્ધ થઈ રહેલા આંદોલનની વચ્ચે અમેરિકા અને ઈરાનના સંબંધો પણ વણસી રહ્યા છે. અમેરિકા વારંવાર ઈરાનના આંદોલનકારીઓનું સમર્થન કરી રહ્યું છે. ઈરાન પર હુમલાની પણ ધમકી આપવામાં આવી છે. એવામાં ઈરાનની સંસદના સ્પીકરે અમેરિકાને ચેતવણી આપી છે કે અમેરિકા હુમલો કરશે તો ઈરાન ચૂપ નહીં બેસે. ઈઝરાયલથી માંડીને મિડલ ઈસ્ટમાં સ્થિત અમેરિકાના સૈન્ય ઠેકાણા પર હુમલા કરવામાં આવશે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા આપવામાં આવેલી સૈન્ય કાર્યવાહીની ધમકી બાદ ઈરાને જવાબ આપ્યો છે. ઈરાની સંસદના સ્પીકર મોહમ્મદ બાગેર ગાલિબાફે ગંભીર ચેતવણી આપતા જણાવ્યું છે.




































**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya